*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

વર્ષ દસમું, અંક છઠ્ઠો, સં. ૨૦૦૯, ચૈત્ર ( વાર્ષિક લવાજમ ૩-૦-૦ )




# સંતોના રણકાર....

સંતોના અંતર–અનુભવમાંથી આ રણકાર ઊઠયો છે કે અરે જીવ! તેં તારા પરમાનંદસ્વભાવને કદી છોડયો નથી, તારો સહજ જ્ઞાન–આનંદસ્વભાવ તારામાં છે, તું સદાય અનાકુળ શાંતરસનો કુંડ છો; જો અગ્નિ કદી પોતાની ઉષ્ણતાને છોડે તો ભગવાનઆત્મા પોતાના પવિત્ર ચૈતન્યસ્વભાવને છોડે! પણ એમ કદી બનતું નથી. કેવળજ્ઞાન અને પરમઆનંદ પ્રગટવાના સામર્થ્યથી સદાય ભરેલો એવો તારો સ્વભાવ છે, તે સ્વભાવના અવલંબનથી જ ધર્મ પ્રગટે છે, એ સિવાય ક્યાંય બહારથી ધર્મ આવતો નથી. એકવાર અંતરમાં તારા આવા સ્વભાવને દેખ.



# * આ વચનામૃતનું પાન કરો.... *

* આત્માનું સ્વરૂપ સમજવા માટે તેની વાત વારંવાર સાંભળતાં કંટાળો ન આવવો જોઈએ પણ તેનો મહિમા થવો જોઈએ.

* આત્માને સમજીને તેના જ મહિમામાં એકાગ્ર થવું તે સુખનો ઉપાય છે.

* જ્ઞાની પાસે વારંવાર પ્રેમથી આત્માનું વાસ્તવિક સ્વરૂપ સાંભળવું, અને વારંવાર પરિચય કરવાથી જ આ સમજાશે–એમ વિશ્વાસ લાવવો.

* જીવ પોતાના શુદ્ધ જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લ્યે ત્યારથી તેને મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

* સૂક્ષ્મ અને યથાર્થ તત્ત્વને સમજવા માટે અત્યંત તીવ્ર અને સત્ પુરુષાર્થ જોઈએ.

* મિથ્યાદ્રષ્ટિનો વિષય ‘પર’ છે, સમ્યગ્દ્રષ્ટિનો વિષય ‘સ્વ’ છે.

* અહો! સર્વજ્ઞદેવ અને વીતરાગ જેવા નિર્ગ્રંથ મુનિઓ જે શિષ્ય ઉપર મહેરબાની કરીને ઉત્તમ બોધ આપે તે શિષ્યની લાયકાત કેટલી? પરંતુ ‘હીરા મુખસેં ના કહેં લાખ હમારો મોલ.’

* સમયસારજી શાસ્ત્ર છે તે સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું પેટ છે, આચાર્યદેવે નિજ વૈભવથી તેમાં આત્મસ્વભાવ દર્શાવ્યો છે.

* આત્મા અનંતકાળમાં જે અપૂર્વ વસ્તુ સમજ્યો નથી તે સમજવા માટે ખાસ પાત્રતા અને અપૂર્વ પ્રયત્ન જોઈશે.

* જેનાં અહોભાગ્ય હોય તેને આ પરમાર્થતત્ત્વનું શ્રવણ પ્રાપ્ત થાય, અને જે અપૂર્વ પાત્રતાથી આત્મપુરુષાર્થ કરે તેને તેના અનુભવની પ્રાપ્તિ થાય. –પ્રવચનોમાંથી.

## આત્મધર્મના પાછલા વર્ષની ફાઈલો

આત્મધર્મના પાછલા વર્ષની દરેક ફાઈલની કિંમત રૂા. ૩–૧૨–૦ છે. પરંતુ વર્ષ ૩–૪–૭–૮–૯ની પૂરી ફાઈલ તથા પાંચમા વર્ષની અર્ધી (અંક ૪૯ થી ૫૪ સુધીની) ફાઈલ–એ મુજબ છ ફાઈલોનો સેટ એક સાથે લેનારને રૂા. ૧૪–૦–૦ માં આપવામાં આવશે. પોસ્ટેજ જુદું.

પાછલા વર્ષના છૂટક અંક જે સિલકમાં હશે તે ૦–૪–૦ લેખે મલશે. ફાઈલો પાકા પૂંઠાથી બાંધેલ છે.

–શ્રી જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ : સૌરાષ્ટ્ર.

## સમયસારની શરૂઆત

* સવારના પ્રવચનમાં શ્રી અનુભવપ્રકાશ ઉપર પ્રવચનો થતાં હતાં, તે પૂર્ણ થયા છે, અને ફાગણ સુદ બીજના મંગલ દિને શ્રી સમયસારજી ઉપર દસમી વખત પ્રવચનો શરૂ થયા છે.

* ગુજરાતી સમયસારની નવી આવૃત્તિ–અમૃતચંદ્રાચાર્યદેવની સંસ્કૃત ટીકા સહિત છપાયેલ છે. શ્રી માનસ્તંભનાં પ્રતિષ્ઠા સમયે તે પ્રસિદ્ધ થશે.

# શાંતિનાથ પ્રભુએ કરેલો શાંતિનો ઉપદેશ

## ( દુંદુભીના દિવ્યનાદ વચ્ચે ભગવાનના દિવ્યધ્વનિની ઘોષણા )

શાંતિનાથ પ્રભુનો વૈરાગ્ય અને દીક્ષા સંબંધી પ્રવચન આત્મધર્મના છેલ્લા બે અંકોમાં આવી ગયું છે, ત્યારપછી કેવળજ્ઞાન–કલ્યાણક પ્રસંગનું આ પ્રવચન છે : વીર સં. ૨૪૭૫ જેઠ સુદ ૪ લાઠી.

આત્મસ્વભાવની આ વાત જેને બેસે તેને ધન્ય છે. અંતરમાં એમ થાય કે અહા ! ભગવાને મારા સ્વભાવની વાત કરી છે, ભગવાન તો કહે છે કે તારામાં ને મારામાં ફેર નથી. –આમ મહિમા લાવીને જે પોતાના સ્વભાવસન્મુખ થાય તેને જ અંતરમાં આ વાત બેસે, ને જેને આ વાત બેસે તેનું અપૂર્વ કલ્યાણ થઈ જાય....જે જીવ ભગવાનનો ઉપદેશ સાંભળવા આવ્યો અને ભગવાને કહેલી આત્મસ્વભાવની વાત જેના આત્મામાં બેઠી તે જીવ અલ્પકાળે મુક્તિ પામે એવો ભવ્ય જ હોય....દિવ્યધ્વનિમાં તીર્થંકર ભગવાનનો પોકાર છે કે મેં સ્વભાવ–આશ્રિત જેવો પુરુષાર્થ કર્યો તેવો પુરુષાર્થ તમે કરો, તો તમને પણ પરમાત્મદશારૂપી કાર્ય થયા વિના રહે નહિ.

### * તીર્થંકરપ્રભુની દેશના અને તેના ઝીલનાર *

શ્રી શાંતિનાથ ભગવાન પહેલાં ચક્રવર્તી હતા, પછી વૈરાગ્ય પામીને સ્વયં દીક્ષિત થયા અને આત્મધ્યાનમાં લીન થઈને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાનને કેવળજ્ઞાન થતાં ઇન્દ્રોએ કેવળજ્ઞાનકલ્યાણક ઊજવ્યો, સમવસરણની રચના કરી ને ઉપદેશ માટે ભગવાનની સ્તુતિ કરી. ભગવાન તો વીતરાગ છે, તેમની વાણી સહજ ખીરે છે, પણ ઇન્દ્ર સ્તુતિ કરે એવી વિનયની શૈલી છે. સમવસરણમાં શાંતિનાથ ભગવાનની દિવ્યધ્વનિ છૂટી. ભગવાનને પોતાને તો પૂર્ણ શાંતિ હતી ને દિવ્યધ્વનિ દ્વારા બીજાઓને પણ શાંતિનો ઉપદેશ દેતા હતા.

તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાન થયા પછી ઉપદેશ ન હોય એમ બને નહિ. ભગવાનને એકાક્ષરી દિવ્યધ્વનિ હોય છે. ભગવાનનું જ્ઞાન પણ અભેદ થઈ ગયું ને વાણી પણ અભેદ થઈ ગઈ. રાગી અને અલ્પજ્ઞ જીવની વાણી ભેદવાળી હોય છે, વીતરાગતા અને કેવળજ્ઞાન થયા પછી વાણીમાં ભેદ–ક્રમ ન હોય. કેવળી ભગવાનની દિવ્યવાણીમાં એક સાથે પૂરું રહસ્ય આવે છે ને શ્રવણ કરનારા જીવો પોત–પોતાની લાયકાત પ્રમાણે સમજે છે. શ્રી ગણધરદેવ, ભગવાનની વાણી ઉત્કૃષ્ટપણે ઝીલવાને પાત્ર છે, ભગવાનની વાણી છૂટતી વખતે તેઓ નિયમથી હાજર હોય છે. ભગવાનની વાણી છૂટે ને તેના ઉત્કૃષ્ટ ઝીલનાર ગણધરદેવ હાજર ન હોય એમ બને નહિ, –ઉપાદાન–નિમિત્તની સંધિ તૂટે નહિ. તીર્થંકર ભગવાનની વાણી પહેલીવાર છૂટે તે ઝીલીને અંતર્મુહૂર્તમાં ગણધરદેવ બાર અંગની રચના કરે છે, એવો ઊંચો તેમનો ક્ષયોપશમ છે; ભગવાનની વાણીમાંથી તો તેઓ ઘણું ઝીલે છે પણ તેમણે જેટલું ઝીલ્યું તેનો અમુક ભાગ જ બાર અંગની રચનામાં આવે છે; ભગવાનની સભામાં તે સર્વોત્કૃષ્ટ શ્રોતા છે.

### * ભગવાને કહેલાં નવ તત્ત્વો *

ભગવાને કેવળજ્ઞાનમાં આખું વિશ્વ પ્રત્યક્ષ જોયું, તેમાં

છ પ્રકારના દ્રવ્યો જોયા, એક જીવ અને પાંચ પ્રકારના અજીવ; જીવ અને અજીવ તત્ત્વ ત્રિકાળી છે ને તેમના પરસ્પર સંબંધથી બીજા સાત તત્ત્વો થાય છે, તે ક્ષણિક છે. એ રીતે કુલ નવતત્ત્વો છે–જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ.

જે જીવ ધર્મ સાંભળવા આવ્યો છે તે હિત કરવા માગે છે. હિત કોનું કરવું છે? –કે પોતાના આત્માનું. જગતમાં જે વસ્તુ સત્ હોય તેનું હિત થાય, એટલે કે જેનું હિત કરવું છે એવો પોતાનો આત્મા છે–એમ પોતાના આત્માનું અસ્તિત્વ નક્કી કરવું જોઈએ. તથા, જેમણે પોતાનું હિત કરી લીધું છે એવા, તેમજ જેમણે પોતાનું હિત નથી કર્યું એવા, પોતાના સિવાય બીજા આત્માઓ આ જગતમાં છે–એમ પણ જાણવું જોઈએ. જેમણે પોતાનું પૂર્ણ હિત સાધી લીધું છે તે દેવ છે, જેઓ પોતાના હિતને સાધી રહ્યા છે એવા સાધક સંત તે ગુરુ છે, અને તે દેવ–ગુરુની આત્મહિતને બતાવનારી વાણી તે આગમ છે.

જીવ પોતાનું હિત કરવા માંગે છે તેનો અર્થ એ પણ થયો કે અત્યારસુધી તેણે પોતાનું અહિત કર્યું છે. તે અહિત પોતાના સ્વભાવના લક્ષે ન થાય પણ સ્વભાવથી વિરુદ્ધ બીજી ચીજના લક્ષે અહિત થયું છે; એટલે જીવ સિવાયની બીજી અજીવ વસ્તુઓ પણ જગતમાં છે. જે ચીજમાં જાણવાની શક્તિ છે તે જીવ છે, જે ચીજમાં જાણવાની શક્તિ નથી તે અજીવ છે.

જીવની પર્યાયમાં મિથ્યાત્વ, રાગ–દ્વેષ વગેરે વિકાર થાય તેમાં અજીવ કર્મ નિમિત્ત છે. જીવની પર્યાયમાં મલિનતાના ચાર પ્રકાર પડે છે–પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ; અને તેના નિમિત્તરૂપ જડ કર્મમાં પણ એ ચાર પ્રકાર છે.

તથા પોતાના સ્વભાવનું ભાન કરીને તે તરફ પરિણમતાં જીવની પર્યાયમાં શુદ્ધતા થાય છે, તે શુદ્ધતાના ત્રણ પ્રકાર છે–સંવર, નિર્જરા અને મોક્ષ. તેમાં કર્મનો અભાવ નિમિત્તરૂપ છે.

–એ રીતે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ–એમ કુલ નવ તત્ત્વો ભગવાને કહ્યાં છે; તેમાંથી એક પણ તત્ત્વ ઓછું થઈ શકે નહિ ને એ નવ સિવાય બીજું કોઈ દસમું તત્ત્વ જગતમાં હોય નહિ. જો આ નવ તત્ત્વોને ન માનો તો કાંઈ પણ વસ્તુસ્થિતિ જ સાબિત નહિ થાય, અને અહિત ટાળીને હિતનો ઉપાય કરવાનું પણ બની શકશે નહિ. 'અહિત ટાળીને હિત કરવું છે' એમ કહેતાં જ નવે તત્ત્વો ઊભા થઈ જાય છે.

'હે ભાઈ! તું જીવ છો' –એમ કહેતાં જ 'તારા સિવાય બીજા અજીવ પદાર્થો છે તે તું નથી' –એવું તેમાં આવી જ જાય છે, એટલે 'જીવ છે' એમ કહેતાં જ અનેકાન્તના બળે 'અજીવ' પણ સાબિત થઈ જાય છે. અનેકાન્ત તે ભગવાનના શાસનના અમોઘ મંત્ર છે. તે અનેકાન્ત વડે વસ્તુસ્વભાવને ઓળખતાં સ્વ–પરનું ભેદજ્ઞાન થઈને અપૂર્વ શાંતિ પ્રગટે છે. ઘણા લોકો અનેકાન્તનું યથાર્થ સ્વરૂપ ઓળખ્યા વિના અનેકાન્તના નામે ગોટા વાળે છે. અનેકાન્ત તો દરેક તત્ત્વોની સ્વતંત્રતા બતાવે છે ને પરથી પૃથકતા બતાવીને સ્વભાવ તરફ લઈ જાય છે. –એ રીતે ભગવાને ઉપદેશેલો અનેકાન્ત તે પરમ શાંતિનો ઉપાય છે.

જીવ અને અજીવ એ બે મૂળ દ્રવ્યો અનાદિ–અનંત નિજનિજ સ્વરૂપે જુદાજુદા છે; તેઓ સર્વથા નિત્ય નથી પણ નિત્ય–અનિત્યસ્વરૂપ છે, વસ્તુપણે કાયમ ટકીને પોતાની અવસ્થા બદલાવે છે, એટલે દરેક વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે.

—તેમાં જીવ જ્યારે પરના આશ્રયે પરિણમે છે ત્યારે તેની પર્યાયમાં પુણ્ય–પાપ–આસ્રવ ને બંધની ઉત્પત્તિ થાય છે, અને જ્યારે પોતાના ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરીને પરિણમે છે ત્યારે સંવર–નિર્જરા ને મોક્ષની ઉત્પત્તિ થાય છે.

—એ રીતે જગતમાં જીવાદિ નવ તત્ત્વો છે, ભગવાને પૂર્ણ જ્ઞાનમાં તે નવ તત્ત્વો જોયા, દિવ્યધ્વનિ દ્વારા તે નવ તત્ત્વો કહેવાયા, અને શ્રોતાઓ તે નવ તત્ત્વનું સ્વરૂપ સમજીને પોતાના સ્વભાવ તરફ વળ્યા. સ્વભાવ તરફ વળતાં તેમની પર્યાયમાંથી પુણ્ય–પાપ–આસ્રવ ને બંધરૂપ વિકારી તત્ત્વોનો અભાવ થવા લાગ્યો ને સંવર–નિર્જરા તથા મોક્ષરૂપ નિર્મળ તત્ત્વોની ઉત્પત્તિ થવા લાગી. –આનું નામ ધર્મ છે, આ જ હિત અને શાંતિનો ઉપાય છે.

આત્મા આનંદસ્વભાવથી ભરેલો છે પણ અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી અવસ્થામાં મલિનતા છે; ને તે મલિનતામાં પરવસ્તુ નિમિત્ત છે. પોતાની અવસ્થામાં થતી મલિનતાને તથા નિમિત્તરૂપ પરવસ્તુને જો ન જાણે તો સાચું જ્ઞાન થાય નહિ. આ જગતમાં એકલો અદ્વૈત આત્મા જ છે ને બીજું કાંઈ છે જ નહિ–એમ જે માને તેને સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને અંતર્સ્વભાવમાં વળવાનું રહેતું નથી. જો આત્માના સ્વભાવને તેમ જ પરને અને વિકારને પણ

જાણે તો સ્વ-પરનું ભેદજ્ઞાન કરી, ક્ષણિક વિકારનો આશ્રય છોડીને અભેદ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈને મુક્તિ થાય છે. 'આત્માનું હિત કરવું છે' એમાં આ બધી વાત આવી જાય છે. આ બધું સ્વીકાર્યા વગર આત્માનું હિત કરવાની વાત રહેતી નથી ને સાચી શાંતિ થતી નથી. સ્વ પરના ભેદજ્ઞાન વગર શાંતિ થાય જ નહિ, કેમકે શાંતિ તો આત્માના અંતર્સ્વભાવના આશ્રયે છે, બહારના સંયોગના આશ્રયે કાંઈ શાંતિ નથી.

જગતમાં જે છ દ્રવ્યો અથવા નવતત્ત્વો સ્વયંસિદ્ધ છે તે જ ભગવાને કહ્યાં છે, પણ ભગવાને કાંઈ કોઈ તત્ત્વને નવા બનાવ્યાં નથી, તેમજ ભગવાને કહ્યાં માટે તે તત્ત્વો છે-એમ પણ નથી, અને તે તત્ત્વો છે માટે તેને લઈને ભગવાનને જ્ઞાન થયું એમ પણ નથી. જગતના તત્ત્વો સ્વતંત્ર છે ને ભગવાનનું જ્ઞાન પણ સ્વતંત્ર છે. ફક્ત જ્ઞેય-જ્ઞાયકસંબંધ એવો છે કે જેવો જ્ઞેયપદાર્થોનો સ્વભાવ હોય તેવો જ જ્ઞાનમાં જણાય. ભગવાને કેવળજ્ઞાનથી જીવ-અજીવ દરેક તત્ત્વોને સ્વતંત્ર જોયા છે, કોઈને કારણે કોઈ નથી, એટલે એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરતું નથી. ભગવાન આત્મા ચિદાનંદ શુદ્ધસ્વભાવ છે, તે પરનું કાંઈ કરતો નથી. પોતાનું કલ્યાણ તે પોતાના સ્વભાવમાંથી જ પ્રગટ કરે છે.

જો 'જીવ' ન હોય તો કલ્યાણ કોનું કરવું ?

જો 'અજીવ' ઉપર લક્ષ ન હોય તો જીવની પર્યાયમાં ભૂલ કેમ થાય ?

જો જીવની પર્યાયમાં પરાશ્રયે થતો 'વિકાર' ન હોય તો કલ્યાણ કરવાનું કેમ રહે ?

જો સ્વાશ્રયે તે વિકારદશા ટળીને 'અવિકારી દશા' ન થતી હોય તો કલ્યાણ ક્યાંથી થાય ?

માટે- જીવ છે, અજીવ છે, અજીવના આશ્રયે જીવની પર્યાયમાં વિકાર છે, ને પોતાના સ્વભાવના આશ્રયે તે વિકાર ટળીને નિર્મળદશા થાય છે. એ રીતે જીવ, અજીવ, વિકાર અને સ્વભાવ-એ ચારે પડખાંને બરાબર જાણીને સ્વભાવનો આશ્રય કરે તો અધર્મ ટળીને ધર્મ થાય છે. -આમાં નવે તત્ત્વો સમાઈ જાય છે.

## * દુંદુભીના દિવ્યનાદ વચ્ચે ભગવાને કરેલી સ્વતંત્રતાની ઘોષણા *

ભગવાનને કેવળજ્ઞાન થતાં તેમની દિવ્યવાણીમાં છએ દ્રવ્યોની સ્વતંત્રતાનો ઉપદેશ આવ્યો; તેમાં કહ્યું કે દરેક આત્મા પોતાની ચૈતન્યશક્તિથી પ્રભુ છે. આત્મા અને જડ બંનેમાં પોતપોતાની પ્રભુતા છે. જડ પદાર્થોમાં ભલે ચેતનશક્તિ નથી, પણ તે જડ વસ્તુ પોતપોતાની સ્વતંત્ર શક્તિથી સંપન્ન છે; શરીરાદિ જડનું પલટવું સ્વતંત્રપણે પોતપોતાની શક્તિથી થાય છે, આત્મા પોતાની ઇચ્છા પ્રમાણે તેને પરિણમાવી શકતો નથી. પરનું કાંઈ કરવાની શક્તિ આત્મામાં નથી પણ પોતાની બેહદ જ્ઞાન અને સુખશક્તિ તેનામાં છે. આત્મા સ્વાશ્રયે, કોઈપણ પરના આશ્રય વગર પોતાનું કલ્યાણ કરે એવી તાકાતવાળો છે, પોતાની શાંતિ માટે તેને ક્યાંય બહાર જવું પડે-એવો તે નથી. અને પોતાની પરમાત્મશક્તિને ભૂલીને પરાધીન પણ તે પોતે પોતાની મેળે જ થયો છે, કોઈ બીજાએ તેને પરાધીન કર્યો નથી. દુંદુભીના દિવ્યનાદ વચ્ચે આવી સ્વતંત્રતાનો ઢંઢેરો ભગવાનના ઉપદેશમાં આવ્યો.

ભગવાનના સમવસરણમાં દુંદુભીનાદ થાય છે તે જગતને એમ કહે છે કે અરે જીવો ! જો તમારે તમારા આત્માનું હિત કરવું હોય અને શાંતિ જોઈતી હોય તો આ ભગવાનની વાણી સાંભળો; ભગવાન મોક્ષમાર્ગના નેતા છે, તમારે મોક્ષમાર્ગ પ્રગટ કરવો હોય તો પ્રભુના ઉપદેશને સાંભળો. આકાશમાં ગાજતો દેવદુંદુભી જગતના જીવોને આમંત્રી રહ્યો છે કે ભો....ભો....ભવ્ય જીવો ! આત્માનું કલ્યાણ કરવા માટે તમારા બધા પ્રમાદો છોડીને અહીં આવો અને મોક્ષના સાર્થવાહ એવા આ ભગવાનને સેવો.... ભગવાનનો ઉપદેશ સાંભળો.

-અને, ભગવાનનો દિવ્યધ્વનિ એમ પોકાર કરે છે કે હે જીવો ! તમારે તમારું હિત કરવું હોય તો વસ્તુની સ્વતંત્રતા જાણીને આત્મસ્વભાવનો આશ્રય કરો. તમારે શાંતિ જોઈતી હોય, ધર્મ કરવો હોય, તો પ્રથમ તમારા આત્માને ઓળખો....શ્રી શાંતિનાથ ભગવાન આવો શાંતિનો ઉપદેશ દેતા હતા. અહો ! સાક્ષાત્ તીર્થંકર ભગવાન જ્યાં વિચરતા હોય અને સમવસરણ હોય ત્યાં તો ધોખબંધ ધર્મ વર્તતો હોય છે.

અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજી રહ્યા છે અને ત્યાં ધર્મપ્રવાહ ધોખબંધ ચાલી રહ્યો છે. અહીંથી ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ શ્રી સીમંધરભગવાન પાસે ગયા હતા ને ત્યાં આઠ

દિવસ રહીને ભગવાનના સાક્ષાત્ દિવ્યધ્વનિને સાંભળ્યો હતો. લગભગ વિક્રમ સંવત ૪૯માં એ બનાવ બન્યો હતો. તે દિવ્યધ્વનિ ઝીલીને પાછા ભરતમાં પધાર્યા પછી તેમણે શ્રી સમયસાર વગેરેની રચના કરી. તેમાં તેઓ કહે છે કે :– ‘ભગવાન દિવ્યધ્વનિમાં એમ કહેતા હતા–અમે સિદ્ધ છીએ, તમે સિદ્ધ છો; અમે પરમાત્મા છીએ, તમે પણ પરમાત્મા છો. દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂર્ણ પરમેશ્વર છે. તમે તમારી પ્રભુતાને ઓળખો. જેટલા જીવો પ્રભુ થયા છે તે બધાય પોતાના પ્રભુત્વને ઓળખીને તેના જ આધારે પ્રભુ થયા છે. પ્રભુતા ક્યાંય બહારથી આવતી નથી પણ સ્વભાવમાં શક્તિ છે તેમાંથી જ તે પ્રગટે છે. માટે તમારી સ્વભાવશક્તિને ઓળખીને તેનું અવલંબન કરો. ’

## * ‘સિદ્ધસમાન સદા પદ મેરો....’ *

આચાર્યદેવે સમયસારના માંગળિકમાં જ ‘वंदित्तु सव्वसिद्धे....’ એમ કહીને આત્મામાં સિદ્ધપણાની સ્થાપના કરી છે, સિદ્ધપણાનું પ્રસ્થાનું કર્યું છે. હું સિદ્ધભગવંતોને વંદન કરું છું એટલે કે આત્માને સિદ્ધપણે સ્થાપું છું. અહો જીવો ! હું સિદ્ધ....તમે પણ સિદ્ધ ! તમે તમારા સિદ્ધત્વની હા પાડો. મારો ને તમારો આત્મા સિદ્ધસમાન છે. આ પંચમકાળમાં સાક્ષાત્ સિદ્ધદશા નથી પણ સ્વભાવે તો હું સિદ્ધ ને તું પણ સિદ્ધ છે, માટે આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સિદ્ધદશાનું પ્રસ્થાનું મૂકીએ છીએ. આ વાત સાંભળતાં જ જેણે ઉલ્લાસથી આદર કર્યો તેણે પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું, હવે અલ્પકાળમાં તે સિદ્ધ થયા વિના રહે નહિ.

નાટક–સમયસારમાં પં. બનારસીદાસજી કહે છે કે–

चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ।
मोह महातम आतम अंग, कियौ परसंग महा तम धेरौ।।
ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगमकेरौ।
जासु प्रसाद सधै शिवमारग, वेगि मिटै भववास बसेरौ।।

–પોતાનો પરમાર્થ સ્વભાવ કેવો છે તે બતાવીને પછી પર્યાયની વાત કરી છે. મારું સ્વરૂપ તો સદાય ચૈતન્યરૂપ, ઉપમારહિત, અમૂર્તિક સિદ્ધસમાન છે. પરંતુ પર્યાયમાં મહા મોહઅંધકારનો સંબંધ થવાથી અજ્ઞાની બની રહ્યો હતો....પણ હવે તો મારા આત્મામાં જ્ઞાનની જ્યોતિ પ્રગટ થઈ છે. તેથી હું આ સમયસારના ગુણ કહું છું કે જેના પ્રસાદથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે અને ભવનો વાસ જલદી મટી જાય છે એટલે કે જન્મ–મરણ છૂટી જાય છે. ચિદાનંદી ભગવાનઆત્માને ઉપમા અપાય એવો કોઈ પદાર્થ આ જગતમાં નથી. ‘એની ઉપમા એને’ સિદ્ધસમાન પોતાનું પદ છે. આવા આત્માની ઓળખાણ અને શ્રદ્ધા વગર જન્મ–મરણ ટળે નહિ.

## * સિદ્ધ થવાનો ઉપાય *

ભગવાન આચાર્યદેવ કહે છે કે હું સિદ્ધ, તું સિદ્ધ; એકવાર અમે કહીએ છીએ તેવા તારા આત્માનો વિશ્વાસ કરીને હા પાડજે. આત્માનો સ્વભાવ સદા સિદ્ધ જેવો હોવા છતાં તેના અવિશ્વાસને લીધે તે શક્તિ રોકાઈ ગઈ છે. વિશ્વાસ ફેરે જ આ સંસાર ઊભો છે. કોઈ કહે કે ‘આત્મા સિદ્ધસમાન હોય તો તેને આ શું થયું ?’ તો કહે છે કે સ્વભાવસામર્થ્યથી તો સદાય આત્મા સિદ્ધસમાન છે જ, પણ પર્યાયમાં તે સ્વભાવની અસાવધાનીથી પોતે જ અજ્ઞાની થયો છે. તે ક્ષણિક અજ્ઞાનભાવ આત્માના ત્રિકાળી સ્વરૂપમાં નથી... હવે આ શુદ્ધ આત્મસ્વભાવનો મહિમા શ્રવણ કરતાં કરતાં, વિકલ્પ ઉપર જોર આપીશ નહિ પણ ‘હું સિદ્ધ છું’ એવું લક્ષ રાખીને સ્વભાવ તરફ જોર આપજે. પૂર્ણ સ્વભાવના લક્ષે શ્રવણ–મનન કરતાં પર્યાયમાંથી દોષ ને અપૂર્ણતા ટળી જશે. ભગવાનના દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું કે હે ભવ્ય જીવો ! તમારો આત્મા પરથી ભિન્ન જ્ઞાયકસ્વરૂપ છે, પરસંગ છોડીને સ્વસ્વભાવનો પરિચય કરો, એમ કરવાથી શક્તિરૂપે જેવું પરમાત્મપણું છે તેવું પર્યાયમાં વ્યક્ત થઈ જશે. –આવો મુક્તિનો ઉપાય ભગવાને કહ્યો. આ સિવાય બીજા કોઈ ઉપાયથી પરિભ્રમણના દુઃખની શાંતિ થાય તેમ નથી.

## * ધન્ય છે...જેને આ વાત બેસે તેને ! *

આત્માના સ્વભાવની આ વાત જેને બેસે તેને ધન્ય છે. જેની રુચિમાં આ વાત બેઠી તેને અલ્પકાળમાં મુક્તિ થઈ જાય. આત્માના સ્વભાવની આ વાત કોને બેસે ? –જેને પાત્રતા થઈને અંતરમાં એમ થાય કે અહા ! ભગવાને મારા સ્વભાવની વાત કરી છે....ભગવાને તો મારા આત્માનો અનંત મહિમા સમજાવ્યો છે. ભગવાન તો કહે છે કે મારામાં ને તારામાં ફેર નથી. –અહો, આવો મારો સ્વભાવ ! –આમ મહિમા લાવીને જે પોતાના સ્વભાવસન્મુખ થાય

તેને જ અંતરમાં આ વાત બેસે; ને જેને આ વાત બેસે તેનું અપૂર્વ કલ્યાણ થઈ જાય. પર્યાયબુદ્ધિ હોય તેને અંતરમાં આ વાત બેસે નહિ, ને આ વાત બેઠા વગર કલ્યાણ થાય નહિ. ક્ષણિક પર્યાયમાં વિકાર છે તેટલો જ પોતાને અનાદિથી જીવ માની રહ્યો છે તેથી જ તે રખડે છે; તે પર્યાયબુદ્ધિ છોડાવીને અહીં દ્રવ્યબુદ્ધિ કરાવવા માંગે છે. પર્યાયમાં એકસમયનો સંસાર છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી. એકસમયના વિકારમાં આત્માનું ચૈતન્યપદ નથી; તે વિકારમાં જો આત્માને શોધે તો આત્મા અનુભવમાં નહિ આવે પણ વિકારની ઉત્પત્તિ થશે. જો સ્વસન્મુખ થઈને અંતરમાં ત્રિકાળી ચૈતન્યપદને શોધે તો તેના આશ્રયે કાયમી પરમાત્મદશા થયા વિના રહે નહિ.

## * મોહક્ષય માટે બધાય તીર્થંકરોનો એક જ માર્ગ *

શ્રી આચાર્યભગવાન મોહક્ષયનો ઉપાય દર્શાવતાં પ્રવચનમાં કહે છે કે–

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જેણે અરિહંત ભગવાનના આત્માને દ્રવ્ય–ગુણ–પર્યાયથી જાણ્યો અને તે જાતનો જ હું છું–એમ જેણે નિર્ણય કર્યો તે જીવ પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે. એ રીતે મોહનો નાશ કરીને પછી શુદ્ધાત્માના આશ્રયે જ રાગ–દ્વેષનો ક્ષય કરતાં જીવ શુદ્ધાત્માને પામે છે અર્થાત્ કેવળજ્ઞાન પામે છે. –આવો મુક્તિનો ઉપાય છે. વળી એ એક જ ઉપાય છે એમ દ્રઢ કરતાં આચાર્યદેવ કહે છે કે–

सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।
किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।

ઉપર કહ્યો તે પ્રમાણે જ મોહના ક્ષયનો ઉપાય કરીને સમસ્ત અરિહંત ભગવંતોએ મોહનો નાશ કર્યો અને પરમાત્મદશા પામ્યા. પછી તે અરિહંત ભગવંતોએ તેવો જ ઉપદેશ જગતને કર્યો. તેમાં કહ્યું કે–અમે આ પ્રમાણે કરીને જ મોહનો નાશ કરી પરમાત્મદશા પામ્યા છીએ. અમે કર્યું તેમ તું કરે તો તું પણ પરમાત્મા થવાને લાયક છો. તું અરિહંત જેવા તારા આત્માને જાણીને તેનો આશ્રય કરે તો તારો મોહ ટળીને પરમાત્મદશા થાય. અહીં તો 'પરમાત્મદશા થાય જ' એવી વાત છે, 'ન થાય' એવી વાત અહીં નથી. અભવ્ય જીવો જગતમાં ભલે હો, પણ ભગવાનના સમવસરણમાં અભવ્ય જીવ ન હોય. જે જીવ ભગવાનનો ઉપદેશ સાંભળવા આવ્યો અને ભગવાને કહેલી આત્મસ્વભાવની વાત જેના આત્મામાં બેઠી તે જીવ અલ્પકાળે મુક્તિ પામે એવો ભવ્ય જ હોય. અત્યારે અહીં પણ ભગવાનના કેવળજ્ઞાન–કલ્યાણક પ્રસંગે, ભગવાનના દિવ્યધ્વનિ તરીકેનો આ ઉપદેશ ચાલે છે.

## * દિવ્યધ્વનિમાં પુરુષાર્થનો પોકાર *

દિવ્યધ્વનિમાં તીર્થંકર ભગવાનનો પોકાર છે કે– મેં સ્વભાવઆશ્રિત જેવો પુરુષાર્થ કર્યો તેવો પુરુષાર્થ તમે કરો, તો તમને પણ પરમાત્મદશારૂપી કાર્ય થયા વિના રહે નહિ. આત્મસ્વભાવનો જેટલો પુરુષાર્થ કરે તેટલું સ્વભાવનું કાર્ય ન પ્રગટે એમ બને નહિ, પુરુષાર્થ ઘણો કરે ને કાર્ય ઓછું આવે એમ કદી બને નહિ; તેમજ પોતાના પુરુષાર્થ વગર કોઈ બીજાને આધારે પરમાત્મદશા પ્રગટી જાય–એમ પણ બને નહિ. એક જ નિયમ છે કે જેટલો સ્વભાવના આશ્રયે પુરુષાર્થ કરે તેટલી પવિત્ર દશા તે જ ક્ષણે પ્રગટે, સંસારના બાહ્ય સંયોગની વાત જુદી છે. ત્યાં તો ઘણો રાગ કરે છતાં બાહ્યસંયોગ ન મળે, પણ આત્મામાં તો સ્વભાવના પુરુષાર્થથી જરૂર મુક્તિ થાય છે. પુરુષાર્થ વિના મુક્તિ થતી નથી.

કોઈ કહે કે :– કાળલબ્ધિ હશે ત્યારે મુક્તિ થઈ જશે, તેમાં પુરુષાર્થ નકામો છે. તો તેવું કહેનાર મિથ્યાદ્રષ્ટિ છે. પુરુષાર્થ વગર કાળલબ્ધિનો નિર્ણય કોણે કર્યો? જ્યાં પુરુષાર્થ છે ત્યાં કાળલબ્ધિ હોય જ. આત્માનો પુરુષાર્થ સૂઝે અને કાળલબ્ધિની શંકા રહે–એમ કદી ન બને. –આમ ભગવાને પુરુષાર્થ ઉપદેશ્યો છે.

(આ પ્રવચનનો બાકીનો ભાગ હવે પછી આપવામાં આવશે.)

## અનેકાન્તમૂર્તિ ભગવાનઆત્માની

# કેટલીક શક્તિઓ

( ૧૫ )

### * પરિણમ્યપરિણામકત્વ શક્તિ *

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પરથી નિરાળો છે, તેના સ્વભાવમાં પોતાના અનંતગુણો એક સાથે રહેલા છે, તેનું આ વર્ણન ચાલે છે. અત્યાર સુધી ચૌદ શક્તિઓનું વર્ણન થયું છે. ચૌદમી શક્તિમાં એમ કહ્યું કે આત્માને કોઈપણ પરદ્રવ્ય સાથે કાર્ય-કારણપણું નથી. હવે આત્મામાં સ્વ-પરના જ્ઞાતા થવાનો તેમજ સ્વ-પરનું જ્ઞેય થવાનો સ્વભાવ છે-તે વાત કરે છે. પર અને પોતે જેમનું નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વ શક્તિ આત્મામાં છે એટલે આત્મા સ્વ-પરનો જ્ઞાતા થાય તેમ જ સ્વ-પરનું જ્ઞેય થાય-એવો તેનો સ્વભાવ છે. પરનું કરવાની વાત ઉડાડીને પછી આ વાત કરી. આત્મામાં પરનું કરવાની તાકાત નથી પણ પરને જાણવાની તાકાત છે, અને તે પણ એકલા પરને જાણવાની નહિ પરંતુ સ્વ અને પર બંનેને જાણવાની તાકાત છે. તથા આત્મા અન્યનું કાર્ય ન થાય પણ અન્યના જ્ઞાનનું જ્ઞેય થાય-એવો તેનો સ્વભાવ છે. આત્મા એકલા પરને જ જણાય-ને પોતે પોતાને ન જણાય-એમ નથી, પરંતુ સ્વ તેમજ પર બંનેનું જ્ઞેય થાય-એવો એનો સ્વભાવ છે.

આત્મા સ્વ-પર બંનેને જાણે ખરો, પરંતુ સ્વ-પર બંનેનું કાર્ય કરે નહિ, કાર્ય તો એકલા સ્વનું જ કરે. આત્મા પોતે જ્ઞાનપણે પરિણમીને સ્વ-પરને જાણે છે, આત્માના જ્ઞાનાકારમાં પરજ્ઞેયો નિમિત્ત છે, તેમજ પરના જ્ઞાનમાં આ આત્મા જણાય એવો તેનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનને તેમજ પર જ્ઞેયોને-એ રીતે સ્વ-પર બંનેને ગ્રહણ કરે એટલે કે જાણે-એવી આત્માની પરિણમ્યશક્તિ છે તથા સ્વ-પર બંનેના જ્ઞાનમાં ગ્રહણ થાય એટલે કે જણાય એવી આત્માની પરિણામકશક્તિ છે, -આ રીતે આત્મા પરિણમ્યપરિણામકશક્તિવાળો છે. આ શક્તિમાં જ્ઞાન અને પ્રમેયત્વ બંને ભાવો સમાઈ જાય છે.

આત્મા પોતે પોતાને તેમજ પરને જાણે એવી તેની શક્તિ છે, તેમજ પોતાના અને પરના જ્ઞાનનું જ્ઞેય થાય તેવી આત્માની શક્તિ છે. આ સિવાય પર સાથે કારણ-કાર્ય વગેરે કોઈ સંબંધ નથી. આત્માના જ્ઞાનપરિણામમાં પર જ્ઞેયો નિમિત્ત છે, ને પર જીવોના જ્ઞાનમાં પોતે નિમિત્ત છે; પરજ્ઞેયોને જાણવાના સ્વભાવે પરિણમવાની તાકાત તો આત્માની પોતાની છે, કાંઈ પર જ્ઞેયોને લીધે જ્ઞાન થતું નથી. વળી આત્મા પોતે પોતાના જ્ઞાનમાં જણાય-એ વાત પણ આ શક્તિમાં સમાઈ જાય છે.

વાણી જ્ઞેય છે, તે જ્ઞેયને જાણવાની આત્માની તાકાત છે, પણ તે જ્ઞેયને લીધે જ્ઞાન થયું-એમ નથી. વળી અનંતા સિદ્ધભગવંતો, અરિહંતભગવંતો વગેરેના જ્ઞાનમાં પ્રમેય થવાનો આત્માનો સ્વભાવ છે; અને પોતે પોતાના જ્ઞાનમાં અંનત સિદ્ધભગવંતો, અરિહંતભગવંતો વગેરેને જાણે એવી આત્માની તાકાત છે. ભગવાન! આ તારા સામર્થ્યની વાત ચાલે છે. તને તારા સામર્થ્યનો મહિમા ભાસ્યો નથી એટલે પરનો મહિમા આપીને રખડી રહ્યો છે, જો સ્વભાવસામર્થ્યનો મહિમા સમજે તો પરનો મહિમા ટળે અને પરિભ્રમણનો અંત આવે. તારામાં તારું પોતાનું અને પરનું જ્ઞાન કરવાની તાકાત છે, તેમજ પોતાનું જ્ઞેય થવાની અને પરનું

જ્ઞેય થવાની તાકાત છે. તારી એકેક પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન કરવાની ને સ્વ-પરનું જ્ઞેય થવાની તાકાત છે. આ સમજે તો 'પોતે પોતાને ન જણાય' એવી શંકા રહે નહિ. આત્મા એકલા પરને જ જાણે-એમ જે માને છે તેને આત્માના સ્વભાવનું ભાન નથી. આત્મામાં સ્વ અને પર બંનેને જાણે-એવી બેવડી તાકાત છે. શરીર ચાલે કે રોગ થાય તેને જાણવાની આત્માની તાકાત છે પણ શરીરને ચલાવવાની કે રોગને દૂર કરવાની આત્માની તાકાત નથી.

જગતમાં કોઈપણ પદાર્થ એવો નથી કે તેને જાણવાનું સામર્થ્ય આત્મામાં ન હોય. પૂરેપૂરું જાણે એવું આત્માનું સ્વરૂપ છે, અધૂરું જાણે કે રાગ-દ્વેષ થાય તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્માની પર્યાયમાં ધર્મ થાય ને પોતાને તેની ખબર ન પડે-એમ જે માને તેણે આત્માની આ શક્તિને માની નથી. આત્મામાં જે ધર્મપર્યાય પ્રગટી તે પર્યાય પોતે પોતાને જાણે, ત્રિકાળી દ્રવ્ય-ગુણને જાણે તેમજ પરને જાણે-આવું તેનું સામર્થ્ય છે. જ્ઞાન એવું આંધળું નથી કે પોતે પોતાને ન જાણે. ધર્મી જાણે છે કે 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી' આત્માના જ્ઞાતાસ્વભાવમાં પોતે પોતાને જાણતાં લોકાલોક પણ જણાય-એવું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે.

સ્વ-પરને જાણે તેમ જ સ્વ-પરનું જ્ઞેય થાય આવી પરિણમ્યપરિણામક શક્તિ માત્ર જીવમાં જ છે તેથી તે વિશેષ છે; પ્રમેયત્વગુણ તો બધા દ્રવ્યોમાં છે, પણ જીવ સિવાયના બીજા કોઈ દ્રવ્યમાં સ્વ-પરને જાણવાનું સામર્થ્ય નથી. જીવમાં તો જ્ઞાતાપણું અને પ્રમેયત્વપણું બંને છે-એટલે જીવનું બેવડું સામર્થ્ય છે. જડ દ્રવ્યમાં પોતાને કે પરને જાણવાની તાકાત નથી, માત્ર જીવનું પ્રમેય થવાની તેની તાકાત છે. આત્મા પોતે જડને જાણે છે પણ પોતે જડનો વિષય થતો નથી, કેમકે જડમાં જ્ઞાન નથી તેથી તે જડ પદાર્થો આત્માને વિષય ( પ્રમેય ) બનાવે એવી તેમનામાં તાકાત નથી. આત્મામાં જ એવી તાકાત છે કે પોતે સ્વ-પરજ્ઞેયોને જ્ઞાનનો વિષય બનાવે, તેમજ સ્વ-પરના જ્ઞાનનો વિષય થાય. આવા સ્વભાવને જે જાણે તેને પર તરફથી ઉદાસીનતા થયા વિના રહે નહિ અને સ્વભાવધર્મમાં શંકા રહે નહિ, પોતે પોતાના ધર્મને નિઃશંકપણે જાણે છે. આત્માના આવા સ્વભાવને જાણે તે જીવને 'હું મારું કાર્ય નહિ કરી શકું' એવો અનુત્સાહભાવ ન રહે તેમજ 'હું પરનું કરું' એવું અભિમાન ન રહે, એટલે પરથી ઉદાસીનતા થઈને સ્વભાવનો ઉત્સાહ વધે; હું મારા આત્માને નહિ ઓળખી શકું-એમ તે ઉત્સાહહીન ન થાય, એટલે આવી પ્રતીત કરે તેને આત્માની કોઈ શક્તિ હીણી ન રહે પણ અલ્પકાળમાં પૂર્ણતા થઈ જાય.

હું સ્વ-પરનો પ્રકાશક છું તેમજ સ્વ-પરના જ્ઞાનનું જ્ઞેય થવાનો મારો સ્વભાવ છે-એમ જાણીને, પોતે પોતાના આત્માને જ પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવીને એકાગ્ર થતાં તે પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ એ ચારેય આરાધના સમાઈ જાય છે. જ્ઞાનને અંતર્મુખ કરીને પોતાના આત્માને જ્ઞેય બનાવવો તે મોક્ષમાર્ગ છે.

અહો! આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં વીતરાગી સંતોએ આત્માની શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. આત્મામાં તો એક સાથે અનંત શક્તિઓ છે પણ ભાષામાં તો કેટલીક આવે? -તેથી અહીં ૪૭ શક્તિઓનું વર્ણન કરીને પછી 'ઇત્યાદિ....' કહીને આચાર્યપ્રભુ સંકેલી લેશે. સંતો કહે છે કે અહો, કેટલાંક નામ લઈએ? શબ્દો તો થોડા છે ને આત્મામાં શક્તિઓ તો અનંત છે, તો ભાષાથી કેમ પૂરું પડે? અનંત શક્તિઓ જુદી જુદી કહી શકાય એવા શબ્દો જ ક્યાં છે? અને એવો વખત પણ ક્યાં છે? અમારે તો આત્માના કાર્ય કરવાં! અમારે અમારું કેવળજ્ઞાન લેવાનું કાર્ય કરવાનું છે. અમે કેવળજ્ઞાન પ્રગટ કરશું તેમાં અનંત શક્તિઓ પ્રત્યક્ષ દેખાશે, વાણીમાં બધું ન આવે, છતાં અહીં જે શક્તિઓનું વર્ણન કર્યું છે તેમાં આચાર્યદેવે ઘણું ઘણું રહસ્ય ભરી દીધું છે.

આત્મામાં અનાદિ-અનંત એક એવી શક્તિ છે કે પોતે જ્ઞાતા પણ થાય ને જ્ઞેય પણ થાય, પોતે પોતાનો જ્ઞાતા પણ થાય ને પરનો પણ જ્ઞાતા થાય; અને પોતે પોતાનો જ્ઞેય થાય અને પરના જ્ઞાનનો પણ જ્ઞેય થાય. -આત્માની આવી શક્તિને પરિણમ્યપરિણામકશક્તિ કહે છે. આત્મા પરને ન જાણે, અથવા આત્મા પોતે પોતાને ન જાણે-એમ જે માને તેણે આત્માની આ શક્તિને જાણી નથી, એટલે તે આત્માને જ સમજ્યો નથી.

આત્મામાં સ્વ-પરનું જ્ઞેય થવાનો સ્વભાવ છે-એમ કહ્યું, પણ તેથી એમ ન સમજવું કે ઇન્દ્રિયજ્ઞાનથી પણ આત્મા જણાય. આત્મા ઇન્દ્રિયજ્ઞાનથી તો જણાય નહિ-એવો તેનો સૂક્ષ્મસ્વભાવ છે, અને અતીન્દ્રિયજ્ઞાનથી જણાયા વિના રહે નહિ-એવો તેનો સ્વભાવ છે.

આત્માનું જ્ઞાન સ્વ–પર બંનેને જાણનારું છે, એટલે બધાને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, પણ ક્યાંય રાગ દ્વેષ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. ચારિત્રના અપરાધથી રાગ–દ્વેષ થાય તેને પણ જાણવાની જ્ઞાનની તાકાત છે અને તે રાગ દ્વેષ જ્ઞાનનું જ્ઞેય થાય છે. જુઓ, રાગમાં એવી તાકાત નથી કે સ્વ–પરને જાણે, જ્ઞાનમાં જ એવી તાકાત છે કે સ્વ–પરને જાણે. વળી શરીર વગેરે પરવસ્તુઓમાં એવી લાયકાત છે કે તે જ્ઞાનનું જ્ઞેય થાય, પણ જ્ઞાનને કાંઈ લાભ–નુકસાન કરે એવું સામર્થ્ય તેનામાં નથી. અને જ્ઞાનમાં એવી તાકાત છે કે બધા જ્ઞેયોને જાણે, પણ કોઈ જ્ઞેયોમાં ઉથલ પાથલ કરે એવી જ્ઞાનની તાકાત નથી. જેમ સ્વચ્છ અરીસામાં સામા પદાર્થો જણાય એવી તેની લાયકાત છે અને સામા પદાર્થોમાં પણ તે પ્રકારની લાયકાત છે, પણ સામા પદાર્થોમાં અરીસો કાંઈ પણ કરતો નથી, તેમ આત્માના સ્વચ્છ જ્ઞાનદર્પણમાં સમસ્ત પદાર્થો અવભાસે એટલે કે જણાય એવી તેની તાકાત અને સામા પદાર્થોમાં પણ એવો પ્રમેય સ્વભાવ છે. પરંતુ અત્યારે સામા પદાર્થોની શક્તિનું વર્ણન નથી કરવું, અત્યારે તો આત્માની શક્તિઓનું વર્ણન કરવું છે. સ્વ–પરને જાણવાની તેમજ સ્વ–પરનું પ્રમેય થવાની આત્માની શક્તિ છે. આત્માની આ શક્તિ તેના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે, એટલે દ્રવ્ય પણ જણાય છે, ગુણો પણ જણાય છે ને પર્યાયો પણ જણાય છે, જ્ઞાન તે સર્વને જાણે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ તો દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહેલો છે, પણ રાગ–દ્વેષાદિ ભાવો કાંઈ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહ્યા નથી, તે તો ફક્ત ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં જ વ્યાપક છે; તે જ વખતે સાથે બીજા અનંતગુણોની પર્યાયો વર્તે છે; તેમાં તે રાગ વ્યાપતો નથી. આમ છતાં, અનંતગુણના શુદ્ધ પિંડ ઉપર દ્રષ્ટિ ન દેતાં ક્ષણિક રાગ જેટલો જ હું–એમ અજ્ઞાની અનુભવે છે તે મિથ્યાત્વ છે. ક્ષણિક રાગનો આદર કરીને અનંતગુણનો અનાદર કરવો તે અનંત સંસારનું એટલે કે અનંત દુઃખનું કારણ છે.

રાગ આખા આત્મામાં વ્યાપક નથી પણ જ્ઞાન આખા આત્મામાં વ્યાપક છે તેમજ પ્રમેયત્વ પણ આખા આત્મામાં વ્યાપક છે. આત્માના જ્ઞાનમાં બધું જાણવાની શક્તિ છે, કોઈપણ દ્રવ્ય–ગુણ–પર્યાય આત્માના જ્ઞાનમાં જણાયા વિના રહે નહિ. જો પૂરું ન જાણે તો તે જ્ઞાનનું પરિણમન અધૂરું છે, પૂર્ણ જ્ઞાનમાં જણાયા વિના કાંઈ પણ ન રહે. અહીં દ્રષ્ટિના વિષયમાં તો પૂરા સ્વભાવસામર્થ્યની જ વાત છે. અંતર્મુખ થઈને તેની પ્રતીત કરતાં શરીર–મન–વાણી કે રાગ–દ્વેષ એ બધાં જ્ઞાનથી જુદા રહ્યા ને જણાવાયોગ્ય જ રહ્યા; આત્મા સ્વ–પરનો જ્ઞાતા થયો ને પોતે પોતાનું જ્ઞેય પણ થયો. –આવું જ્ઞાન કરવું તે ધર્મ છે. આવા જ્ઞાન વગર ધર્મ બીજી કોઈ રીતે થાય નહિ.

ચૌદમી અકાર્યકારણશક્તિમાં એમ કહ્યું કે આત્મા પરનું કાર્ય કે કારણ નથી. શરીર ચાલે તે જ્ઞાનમાં જણાય એવી આત્માની શક્તિ છે પણ શરીરને ચલાવવામાં કારણ થાય એવી કોઈ શક્તિ આત્મામાં નથી; તેમજ પરવસ્તુ એવી પરાધીન નથી કે આત્માના કારણે તે હાલે–ચાલે, અને તેનામાં એવી તાકાત પણ નથી કે તે આત્માને જ્ઞાનમાં મદદ કરે. તેનામાં માત્ર જ્ઞેય થવાનો સ્વભાવ છે અને આત્માનો જ્ઞાતા સ્વભાવ છે. બસ! જ્ઞેય જ્ઞાયક સિવાય બીજો કાંઈ સંબંધ પર સાથે નથી. સ્વ–પરને જાણનાર તેમજ સ્વ–પરના જ્ઞાનમાં જણાવાયોગ્ય એવો મારો સ્વભાવ છે, પણ એથી આગળ વધીને રાગાદિકને કરે એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી. પર્યાયમાં જે ક્ષણિક રાગાદિ થાય છે તે કાંઈ પરને કારણે થતા નથી પણ પોતાની જ પર્યાયનો અપરાધ છે, પરંતુ સદાય રાગને કર્યા જ કરે એવું આત્માનું સ્વરૂપ નથી; અને આત્મા શરીર વગેરે પરના કામ કરે અગર પરવસ્તુ આત્માનું કામ કરે એમ કદી બનતું નથી.

આત્મા સ્વ–પરનું જ્ઞેય થાય–એમ કહ્યું, ત્યાં પરને એટલે બીજા જીવોના જ્ઞાનને જ્ઞેય થાય, પણ કાંઈ જડનું જ્ઞેય ન થાય. કેમકે જડમાં એવી તાકાત નથી કે તે કોઈને જ્ઞેય બનાવી શકે. જડના સ્વભાવની જડને ખબર નથી પણ આત્માને પોતાની તેમ જ જડની બંનેની ખબર છે. આત્માના આવા સ્વભાવને જાણતાં પોતાને પોતાની ખબર પડે છે. 'સમ્યગ્દર્શન તો અરૂપી સૂક્ષ્મ વસ્તુ છે તેથી આત્માને તેની ખબર ન પડે' એમ અજ્ઞાની માને છે, પણ એમ નથી. પોતામાં સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તેને પણ જ્ઞેય કરવાની આત્માની તાકાત છે. જો પોતાને પોતાની ખબર ન પડે તો નિઃશંકતા થાય કઇ રીતે? અને સ્વભાવની પ્રતીતમાં નિઃશંકતા થયા વગર સાધક જીવ વસ્તુને સાધે કઈ રીતે? જ્ઞાન જાગ્યું અને પ્રતીત થઈ ત્યાં સ્વભાવનો સંદેહ રહે નહિ.

રાગ–દ્વેષમાં જ્ઞાનનું જ્ઞેય થવાની લાયકાત છે, પણ તે રાગ–દ્વેષમાં એવી તાકાત નથી કે તે જાણે, અથવા તો જાણવામાં કાંઈ મદદ કરે. વ્યવહારરત્નત્રયનો જે શુભ રાગ છે તે જ્ઞાનનું જ્ઞેય છે પણ જ્ઞાનમાં મદદ કરનાર નથી.

અને જ્ઞાનસ્વભાવમાં એવી તાકાત છે કે તે સ્વ–પર બધાને જાણે, રાગને પણ જાણે, પણ રાગને ઉત્પન્ન કરે કે રાગથી લાભ લ્યે એવું તેનું (જ્ઞાનસ્વભાવનું) સ્વરૂપ નથી.

આ જગતના અનંતાનંત પદાર્થોમાં કોઈ જીવ છે, કોઈ જડ છે; જીવ છે તે જીવને કારણે છે, જડ છે તે જડના કારણે છે, કોઈના કારણે કોઈ નથી. કોઈ કહે કે 'આ જીવ કેમ?' –કે એવો જ એનો સ્વભાવ. 'આ જડ કેમ?' –કે એવો જ એનો સ્વભાવ. જેમ ચેતન અને જડ પદાર્થો પોતપોતાના સ્વભાવથી જ ચેતન કે જડ છે, તેનું બીજું કોઈ કારણ નથી; તેમ તે ચેતન અને જડ પદાર્થોની સમય સમયની અવસ્થા પણ પોતપોતાના કારણે જ છે. કોઈ પૂછે કે 'આવી પર્યાય કેમ થઈ?' –કે એવો જ એનો પર્યાયસ્વભાવ છે, બીજું કોઈ તેનું કારણ નથી. જે દ્રવ્ય, જે ગુણ, જે પર્યાય જેમ છે તેમ તેને જાણે એવો આત્માનો જ્ઞાયકસ્વભાવ છે, –આવા સ્વભાવના નિર્ણયથી સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થાય છે. આવા સ્વભાવનો નિર્ણય કર્યા વિના કદી પણ સમ્યગ્જ્ઞાન કે વીતરાગતા થાય નહિ.

આત્માનો એવો સ્વભાવ છે કે શરીર વગેરેની જે ક્રિયા થાય તેના જ્ઞાનપણે પરિણમે, પણ શરીર વગેરેની ક્રિયાને કરવારૂપે પરિણમે એવી આત્માની તાકાત નથી. મિથ્યાદ્રષ્ટિ આત્માના જ્ઞાનસ્વભાવને જાણતો નથી ને પરનું કર્તાપણું માને છે, પરંતુ પરનો કર્તા તો તે પણ થઈ શકતો નથી, તે પોતાના રાગ દ્વેષ–મોહને કરે છે.

કોઈ કહે કે અત્યારે તો જીવ ને દેહનો સંયોગ છે ને? પણ સંયોગ એટલે જુદા. જીવ અને દેહ અત્યારે પણ જુદા છે તેથી જ તેનો સંયોગ કહેવાયો, જો જુદા ન હોત ને એકમેક હોત તો તેને સંયોગ ન કહેવાત પણ સ્વભાવ કહેવાત. સંયોગ બે જુદા પદાર્થોનો હોય માટે બે પદાર્થોનો સંયોગ કહેતાં જ તે બંનેનું ભિન્નભિન્નપણું સિદ્ધ થાય છે. અત્યારે પણ જીવ અને શરીર તે બંને 'બે' પદાર્થો છે કે 'એક' છે? જો બંને એક જ હોય તો સંયોગ ન કહેવાય. અત્યારે પણ તે બંને જુદા જુદા બે પદાર્થો છે. આમ ભિન્નતાના જ્ઞાનપૂર્વક સંયોગને જાણવો તે વ્યવહાર છે, પણ ભિન્નતાના ભાન વિના એકલા સંયોગને જ જાણવા જાય તો તેમાં જડ–ચેતનની એકત્વબુદ્ધિથી મિથ્યાજ્ઞાન થયા વિના રહેશે નહિ. જુઓ, દૂધ અને પાણીનો સંયોગ છે પણ તે બંનેનો સ્વભાવ જુદો છે તેથી અગ્નિ ઉપર મૂક્તાં પાણીની વરાળ થઈને ઊડી જાય છે ને દૂધ ઘટ થઈને તેનો માવો થઈ જાય છે. બંને એક ઠેકાણે રહેલા હોવા છતાં, તેમજ બંનેને અગ્નિનું નિમિત્ત સરખું હોવા છતાં, બંનેના સ્વભાવ જુદા છે તેથી તેમ થાય છે. તેમ આત્મા અને શરીર એક ક્ષેત્રે હોવા છતાં તેમનો સ્વભાવ ભિન્ન છે, આત્મામાં તો સિદ્ધદશાનો અભેદભાવ પ્રગટે છે ને શરીરના પરમાણુઓ છૂટા પડીને ઊડી જાય છે. સંયોગ વખતે પણ સ્વભાવની ભિન્નતા છે. મિથ્યાદ્રષ્ટિ જીવ ત્રિકાળીસ્વભાવને ન જોતાં માત્ર સંયોગને જ જુએ છે તેથી તેની દ્રષ્ટિ પરમાંથી ખસતી નથી. છએ દ્રવ્યોનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે, અને દરેક દ્રવ્યમાં પોતપોતાની કાળલબ્ધિ છે. એકલા જીવમાં જ કાળલબ્ધિ છે એમ નથી, પણ દરેક પરમાણુમાં પણ સમયસમયની તેની કાળલબ્ધિ છે, તેની કાળલબ્ધિથી તે પરિણમી રહ્યા છે, જીવ તેનો કર્તા નથી, જીવ તો જ્ઞાતા છે.

જીવનો સ્વભાવ સ્વ–પર જ્ઞેયોને 'ગ્રહણ કરવાનો' છે, 'ગ્રહણ'નો અર્થ હાથથી પરદ્રવ્યને પકડે છે એમ નથી, જીવને હાથ પગ નથી કે પરદ્રવ્યને પકડે; ગ્રહણ કરવું એટલે જાણવું–એમ સમજવું. સ્વ–પર જ્ઞેય કહ્યાં તેમાં ત્રિકાળી દ્રવ્ય–ગુણ ને તેમાં અભેદ થયેલી વીતરાગી પર્યાય–તે સ્વજ્ઞેય છે, અને વ્યવહારરત્નત્રયનો રાગ તે પણ પરજ્ઞેય છે, કેમકે તે જીવનો સ્વભાવ નથી. આ સમજતાં શ્રદ્ધા–જ્ઞાનમાં શુદ્ધચૈતન્યનું ગ્રહણ થયું ને ઊંધી માન્યતાનો ત્યાગ થયો–તે અપૂર્વ ધર્મ છે. અહીં દ્રવ્યદ્રષ્ટિથી આત્માના ત્રિકાળીસ્વભાવની વાત છે. તેની જો શ્રદ્ધા કરે તો પર્યાયના રાગાદિની મુખ્યતા ન રહે પણ જ્ઞાનસ્વભાવની જ મુખ્યતા–અધિકતા રહે, એટલે રાગાદિ થાય તેમાં પર્યાયબુદ્ધિ ન રહે.

એકનો એક વીસ વર્ષનો દીકરો માંદો પડે ત્યાં જ્ઞાન તેને જાણે, તથા બચાવવાની ઇચ્છા થાય તેને પણ જ્ઞાન જાણે, પરંતુ જ્ઞાનમાં કે ઇચ્છામાં એવી તાકાત નથી કે પુત્રના શરીરને નિરોગ બનાવી દે. ઇચ્છા તેમજ રોગ તે બંને જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાન ખરેખર ઇચ્છાને પણ કરતું નથી, તો પરને બચાવે તે વાત ક્યાં રહી?

સમવસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય તેમની સેવાનો ભાવ થાય તેમજ ભગવાનની મૂર્તિ સ્થાપીને તેની ભક્તિનો ભાવ આવે, પણ ત્યાં ધર્મી જાણે છે કે ખરેખર ભગવાન આ આત્માને કાંઈ કરી દેતા નથી, ભગવાન પણ

(અનુસંધાન ટાઈટલ પૃષ્ઠ ૩ ઉપર)

## અનેકાન્તમૂર્તિ ભગવાનઆત્માની

# કેટલીક શક્તિઓ

## ( ૧૬ )

## * ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ *

આત્માને જ્ઞાનસ્વરૂપ કહીને ઓળખાવ્યો ત્યાં જ્ઞાન સાથે બીજા અનંત ધર્મો રહેલા છે. તેમાં એક ત્યાગોપાદાનશૂન્યત્વ નામની શક્તિ છે તેથી આત્મા જે ઘટતું–વધતું નથી એવા સ્વરૂપમાં નિયતપણે રહે છે. જુઓ, આમાં પર્યાયબુદ્ધિના ભુક્કા ઊડી જાય છે. પરનું ગ્રહણ–ત્યાગ તો આત્મામાં છે નહિ અને વિકારનું ગ્રહણ–ત્યાગ પણ આત્માના ત્રિકાળસ્વરૂપમાં નથી; ત્રિકાળી સ્વભાવમાં વિકારને છોડું ને નિર્મળપર્યાયને ગ્રહું–એમ પણ નથી, તે તો પર્યાયદ્રષ્ટિમાં છે. દ્રવ્યદ્રષ્ટિથી જોતાં આત્મા પોતાના એવા ને એવા સ્વરૂપમાં નિશ્ચલપણે રહેલા છે; તે ત્રિકાળ સિદ્ધ સમાન છે, તેના સ્વરૂપમાં જરાય વધ–ઘટ થતી નથી. પર્યાયમાં વિકાર હોય ને તે ટળીને નિર્મળતા પ્રગટે પણ તેથી ત્રિકાળી દ્રવ્યમાં કાંઇ ઘટી કે વધી જતું નથી. વર્તમાન અંશ સામે જુઓ તો પર્યાયમાં ઘટતું–વધતું દેખાય છે, પણ ત્રિકાળી સ્વભાવથી જોતાં આત્મા વધ–ઘટરહિત નિયત એકરૂપ સ્વરૂપમાં જ સ્થિત છે, એકરૂપ છે. પર્યાયના અંશમાં જે વધ–ઘટ દેખાય છે તે વ્યવહારનયનો વિષય છે, એટલે અભૂતાર્થ છે; અહીં ભૂતાર્થ દ્રષ્ટિમાં તેનો નિષેધ કરીને કહે છે કે આત્માનો ત્રિકાળીસ્વભાવ ત્યાગ–ગ્રહણથી રહિત છે તેમાં કાંઈ ઘટતું–વધતું નથી. આવા સ્વભાવની દ્રષ્ટિ કરતાં પર્યાયમાં રાગ ટળીને વીતરાગભાવ થઈ જાય છે, પરંતુ તે પણ વ્યવહારનો વિષય છે. અહીં તો સમ્યક્ નિશ્ચયની પ્રધાનતા છે. વ્યવહારની પ્રધાનતા નથી.

આત્મામાં પરદ્રવ્યનું તો ગ્રહણ કે ત્યાગ નથી પરંતુ રાગનું ગ્રહણ ત્યાગ પણ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવ તો રાગના અભાવસ્વરૂપ જ છે, રાગનો ત્યાગ કરું ને નિર્મળ પર્યાયને ગ્રહણ કરું એવું ત્રિકાળી સ્વભાવમાં નથી. જો ત્રિકાળી સ્વભાવમાં રાગનું ગ્રહણ–ત્યાગ હોય તો તે ત્રિકાળ થયા જ કરે સિદ્ધદશામાં પણ આત્મા રાગનું ગ્રહણ–ત્યાગ કર્યા જ કરે, તો પૂર્ણતા કદી થાય નહિ. માટે દ્રવ્યસ્વભાવથી આત્માને રાગનું ગ્રહણ–ત્યાગ નથી–એવો તેનો ત્યાગોપાદાનશૂન્યત્વ સ્વભાવ છે.

વળી ત્રિકાળી સ્વરૂપથી જોતાં આત્મા એકરૂપ છે, તેના સ્વરૂપમાં કાંઈ ઘટતું–વધતું નથી. સંસારપર્યાય વખતે આત્માના ત્રિકાળી ગુણોમાંથી કાંઈ ઘટી ગયું અને મોક્ષપર્યાય પ્રગટતાં આત્માના ત્રિકાળી ગુણોમાં કાંઈ વધી ગયું–એમ નથી; અથવા સંસારદશામાં અલ્પ પર્યાય પ્રગટ હોય ત્યારે દ્રવ્યમાં શક્તિરૂપે ઘણું બાકી રહ્યું અને મોક્ષની પૂર્ણ પર્યાય પ્રગટી ત્યારે દ્રવ્યમાં શક્તિ ઓછી રહી–એમ પણ નથી. અત્યારે તો આત્માના એકરૂપ અસ્તિસ્વભાવની વાત છે, પર્યાયમાં રાગનો ત્યાગ ને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તેની પ્રધાનતા નથી, કેમકે તે પર્યાય તો અભેદસ્વભાવ તરફ ઢળેલી છે એટલે તે પર્યાયની પ્રધાનતા ન રહી પણ અભેદદ્રવ્યની જ પ્રધાનતા રહી. આથી અભેદદ્રષ્ટિ કરવી તે ધર્મનું મૂળ છે.

જેમ કડું–કુંડળ–હાર વગેરે અનેક અવસ્થાઓ બદલવા છતાં સોનું ઘટતું–વધતું નથી, તેમ આત્માની પર્યાયમાં હીનતા–અધિકતારૂપ પરિણમન થતું હોવા છતાં તેના ત્રિકાળી દ્રવ્ય–ગુણનું સામર્થ્ય ઘટતું–વધતું નથી. ધર્મી જીવની દ્રષ્ટિ આવા સ્વભાવ ઉપર છે, વિકાર ટાળવા ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી; સ્વભાવની દ્રષ્ટિથી તેને વિકાર ટળતો જાય છે ખરો પણ તે વિકાર ટાળવા ઉપર તેની દ્રષ્ટિ નથી. વિકાર ટાળું–એવી જેની દ્રષ્ટિ છે તે પર્યાયબુદ્ધિ છે, કેમકે વિકારના લક્ષે વિકાર ટળતો નથી. ત્રિકાળીસ્વભાવની દ્રષ્ટિમાં તો હીણી પર્યાયનો ત્યાગ ને પૂરી પર્યાયનું ગ્રહણ–તે પણ નથી, ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિથી પર્યાયમાં તેમ થઈ જાય છે ખરું, પણ તે પર્યાયની સન્મુખ દ્રષ્ટિ નથી, દ્રષ્ટિ તો દ્રવ્યમાં વળી ગઈ છે. હું આ રાગને છોડું–એવી બુદ્ધિથી જે લાભ માને તે મિથ્યાદ્રષ્ટિ છે; કેમકે 'રાગ છોડું' એવા લક્ષે પણ થાય છે તો વિકારની ઉત્પત્તિ, છતાં તેને વિકાર છોડવાનું સાધન માને છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. આત્માના મૂળ સ્વભાવમાં રાગ નથી એટલે તે સ્વભાવની દ્રષ્ટિ કરીને તેમાં એકાગ્ર રહેતાં પર્યાયમાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. –આ જ રાગના ત્યાગની રીત છે. આ સિવાય બીજા ઉપાયથી રાગનો ત્યાગ કરવાનું માને તે અજ્ઞાની છે.

આત્માના ત્રિકાળીગુણોમાં વિકારનું ગ્રહણ–ત્યાગ નથી તેમજ તેમાં ઘટતું–વધતું નથી–આવા સ્વભાવની દ્રષ્ટિ તે દ્રવ્યદ્રષ્ટિ છે, આવી દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ છે ને તે જ પહેલો ધર્મ છે. જુઓ, આત્માનો જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેમાં પહેલાં મતિ–શ્રુતરૂપ અલ્પ પર્યાય હતી ને પછી પૂર્ણ કેવળજ્ઞાનપર્યાય પ્રગટી; ત્યાં મતિ–શ્રુતરૂપ અલ્પ પર્યાય વખતે

જ્ઞાનગુણની શક્તિ વધારે હતી ને કેવળજ્ઞાનરૂપ પૂર્ણપર્યાય પ્રગટતાં જ્ઞાનગુણની શક્તિ ઓછી રહી—એમ નથી. હીન કે અધિક ગમે તેવી પર્યાય પ્રગટ હો પણ દ્રવ્ય-ગુણનું સામર્થ્ય તો અનાદિઅનંત એકરૂપ છે, તે ઘટતું-વધતું નથી, -આવો જ દ્રવ્યસ્વભાવ છે. અહો! આવી દૃષ્ટિમાં કેટલી વીતરાગતા છે!! પર્યાયની બુદ્ધિ છોડીને ત્રિકાળી દ્રવ્યમાં દૃષ્ટિ અભેદ થઈ ત્યાં ક્ષણેક્ષણે ધર્મ થાય છે.

પર્યાયમાં ઊંધી માન્યતા તે અધર્મ છે, ત્રિકાળીદ્રવ્યમાં તેનું ગ્રહણ નથી; અને આમ જે સમજે તેને તો પર્યાયમાં પણ ઊંધી માન્યતા રહે નહિ.

**પ્રશ્ન** :- મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ પ્રગટ કરું-એમ વિચારે તો?

**ઉત્તર** :- એ બરાબર, પણ તેની રીત શું છે તે સમજવું જોઈએ ને! 'મિથ્યાત્વ ટાળું' એવા લક્ષે શું મિથ્યાત્વ ટળે છે? ને 'સમ્યક્ત્વ પ્રગટ કરું' એવા વિકલ્પથી શું સમ્યક્ત્વ પ્રગટે છે? -એમ તો બનતું નથી. ધ્રુવ ચિદાનંદસ્વભાવ અનાદિઅનંત એકરૂપ છે. જેનામાં મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ કરું-એવા ભેદ નથી, તે સ્વભાવની રુચિ અને મહિમા કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં મિથ્યાત્વનો વ્યય અને સમ્યક્ત્વનો ઉત્પાદ થઈ જાય છે. માટે આવા એકરૂપ સ્વભાવને જાણીને તેમાં દૃષ્ટિ અને એકાગ્રતા કરવી તે જ ધર્મની રીત છે.

અજ્ઞાની જીવો દેહના સંયોગને અને રાગને જ આત્મા માની રહ્યા છે પણ આત્મા તો જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છે, રાગની ઉપાધિ કે દેહનો સંયોગ તે તેનું ખરું સ્વરૂપ નથી-આવા આત્માને અજ્ઞાની ઓળખતો નથી, તેથી અહીં આત્માના સ્વભાવનું વર્ણન કરીને તેની ઓળખાણ કરાવે છે. હે ભાઈ! રાગ તે તારું અસલી કાયમ ટકનારું સ્વરૂપ નથી પણ ક્ષણિક ઉપાધિભાવ છે, તે રાગ છૂટી જતાં તારા સ્વરૂપમાંથી કાંઈ ઘટી જતું નથી; અને પર્યાયમાં જે જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે તે તારા સ્વરૂપમાંથી આવે છે, તે કાંઈ બહારથી નથી આવતાં, એટલે તે શુદ્ધતા વધતાં દ્રવ્યમાં કાંઈ વધી ગયું એમ નથી.

આત્મા પરના ગ્રહણ-ત્યાગથી રહિત પોતાના એકરૂપ સ્વરૂપમાં નિશ્ચલ છે. જો આત્મા પરને ગ્રહે તો વધે અને જો પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડે તો ઘટી જાય, -પણ એમ કદી બનતું નથી; આત્માએ પોતાના સ્વભાવને કદી છોડયો નથી ને પરને કદી ગ્રહણ કર્યું નથી. સમાધિતંત્રમાં શ્રી પૂજ્યપાદસ્વામી પણ કહે છે કે-

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमरम्यहम्।।२०।।

જે અગ્રાહ્યને એટલે કે નહિ ગ્રહવાયોગ્ય એવા પર પદાર્થને અને વિકારને ગ્રહતું નથી તેમજ ગૃહીતને એટલે કે ગ્રહણ કરેલા એવા પોતાના શાશ્વતસ્વભાવને છોડતું નથી, સર્વને સર્વ પ્રકારે જાણે છે, એવું સ્વસંવેદન તત્ત્વ તે હું છું. આત્મા સદા પોતાના એકરૂપ સ્વરૂપમાં નિશ્ચલ છે. એની દૃષ્ટિ અને એનો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

ઘણા લોકો એમ કહે છે કે 'જૈનધર્મ તો ત્યાગપ્રધાન ધર્મ છે.' પરંતુ અહીં આચાર્યભગવાન કહે છે કે આત્મા પરને ગ્રહે કે ત્યાગે એ વાત જ જૈનધર્મમાં નથી. જૈનધર્મ તે અનેકાન્તમાર્ગ છે અને તેમાં સ્વભાવની અસ્તિની પ્રધાનતા છે, રાગના ત્યાગની પ્રધાનતા નથી, કેમકે રાગનો ત્યાગ તે તો 'નાસ્તિ' છે, પણ કોની 'અસ્તિ'ના જોરે રાગની નાસ્તિ કરશે? સ્વભાવની અસ્તિના અવલંબને પર્યાયમાં રાગની નાસ્તિ થઈ જાય છે, માટે જૈનધર્મમાં ભૂતાર્થસ્વભાવની અસ્તિની પ્રધાનતા છે.

આત્માની અસ્તિમાં પરની તો નાસ્તિ છે એટલે પરનો ત્યાગ કરું એ વાત તો વસ્તુમાં છે જ નહિ. અને રાગનો ત્યાગ સત્ વસ્તુના અવલંબન વિના બને નહિ માટે ધ્રુવ વસ્તુનું અવલંબન તે જ જૈનમાર્ગ છે. જૈનમાર્ગ કહો, વીતરાગમાર્ગ કહો, અનેકાન્તમાર્ગ કહો, મોક્ષમાર્ગ કહો કે અહિંસાધર્મ કહો, -પોતાના આત્મસ્વભાવના અવલંબનમાં જ તે બધાં સમાઈ જાય છે.

'ત્યાગોપાદાનશૂન્ય કહીને આત્માનો ત્રિકાળ અસ્તિરૂપ સ્વભાવ સ્થાપ્યો છે. પરને ગ્રહવું કે છોડવું તે તો આત્મામાં નથી અને પોતાની પર્યાયમાં અશુદ્ધતા છોડીને શુદ્ધતા ગ્રહણ કરવી તે પણ વ્યવહાર છે, નિશ્ચયથી તો વસ્તુ પોતાના સ્વરૂપમાં જ ત્રિકાળ એકરૂપ છે, તેમાં કાંઈ ગ્રહણ કે ત્યાગ નથી, તેમાં કાંઈ વધતું કે ઘટતું નથી. અજ્ઞાનીને પણ આવો જ સ્વભાવ છે, પણ તેને પોતાના સ્વભાવનું ભાન નથી. પોતાના આવા સ્વભાવનું ભાન થતાં પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે છે.

વસ્તુ અખંડ પરિપૂર્ણ છે, તે અખંડ વસ્તુની દૃષ્ટિ કરતાં અવસ્થામાં નિર્મળતા થાય છે ને અશુદ્ધતા ટળે છે. ધર્મી જીવની દૃષ્ટિના વિષયમાં અખંડ નિર્મળ તત્ત્વ છે તેથી વસ્તુમાં વધ-ઘટ નથી એમ કહીને અહીં વસ્તુસ્વભાવની

દૃષ્ટિ કરાવી છે. પરંતુ પોતાની અવસ્થામાં વિકાર છે તેને સ્વીકારે જ નહિ તો ટાળવાનો ઉદ્યમ ક્યાંથી કરશે? અને વિકાર વગરના પોતાના શુદ્ધસ્વભાવને નહિ ઓળખે તો વિકારને કોના અવલંબને ટાળશે? માટે દ્રવ્ય અને પર્યાય બંનેને જેમ છે તેમ ઓળખવા જોઈએ. દ્રવ્ય-પર્યાયની સંધિ કર્યા વગર એકાંત ખેંચી જાય તો કાંઈ ધર્મ થાય તેમ નથી.

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને પોતાના સ્વરૂપનું ભાન છે. તે સ્વરૂપમાં નિર્વિકલ્પ એકાગ્રતા ન રહી શકે ત્યારે શુભવિકલ્પમાં પણ તે જોડાય છે પરંતુ શુભરાગ તે કાંઈ ખરેખર મોક્ષમાર્ગ નથી. કોઈ અજ્ઞાની પ્રાણી પણ વ્યવહારમાં તીવ્ર કષાયભાવ છોડીને રાગ ઘટાડતો હોય, ત્યાં તે મંદરાગ જોકે ધર્મ નથી તોપણ તેને રાગ ઘટાડવાની કાંઈ ના કહેવાય નહિ. ધર્મીની દૃષ્ટિમાં જ્યાં પુણ્યભાવનો પણ આદર નથી તો પછી પાપભાવ વધારવાની તો વાત જ ત્યાં શેની હોય? પણ કોઈ પાપભાવ ઘટાડીને પુણ્યભાવમાં ધર્મ માનીને સંતોષાઈ જાય તો તેને કહે છે કે બાપુ! એ ધર્મ નથી, ધર્મ તો અંતરમાં તારા સહજસ્વભાવની વસ્તુ છે. પરના ગ્રહણ-ત્યાગ વગરની અખંડ એકરૂપ વસ્તુ તારા અંતરમાં બિરાજે છે તેની દૃષ્ટિ વિના તને સાચી સ્થિરતા નહિ થાય, અને સ્થિરતા વિના ચારિત્ર કે કેવળજ્ઞાન નહિ થાય. માટે પહેલાં યથાર્થ વસ્તુનો મહિમા સમજીને તેમાં દૃષ્ટિ કર.

આત્મામાં અનંત શક્તિઓ છે તે બધી એક સાથે જ વર્તી રહી છે, તેમાં આ શક્તિ પહેલી ને આ બીજી-એવા નંબર નથી લખ્યા, પણ ભાષામાં તો ક્રમથી જ આવે. તેમજ આત્માની અનંત શક્તિઓમાં એકનો મહિમા વધારે ને બીજીનો મહિમા ઓછો-એવા ભેદ નથી, બધી શક્તિઓ પોતપોતાના પૂરા મહિમાનો ધારણ કરે છે, જ્ઞાનનો મહિમા વધારે ને દર્શનનો મહિમા ઓછો-એમ નથી. અભેદ આત્મદ્રવ્યમાં બધી શક્તિઓ એક સાથે જ વર્તે છે, તેમનામાં કાળભેદ કે ક્ષેત્રભેદ નથી.

આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વ સ્વભાવ છે તેથી આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય પરના ગ્રહણ-ત્યાગથી રહિત છે. આત્માની ચારિત્રદશા-મુનિદશા પ્રગટે ત્યાં વસ્ત્રનો સંયોગ હોય જ નહિ-એ બરાબર છે, તોપણ વસ્ત્રાદિને છોડે કે નિર્દોષ આહારને ગ્રહણ કરે-એવો ચારિત્રનો સ્વભાવ નથી, ચારિત્રનો સ્વભાવ તો આત્મામાં લીન થવાનો છે. એ જ પ્રમાણે જ્ઞાનગુણમાં જાણવાનો સ્વભાવ છે પણ પરજ્ઞેયોને ગ્રહે કે છોડે એવો તેનો સ્વભાવ નથી. આ પ્રમાણે આત્માના બધા ગુણ-પર્યાયો પરના ગ્રહણ-ત્યાગથી રહિત છે, આવું સ્વરૂપ સમજે તેનું પરિણમન પરથી પાછું ખસીને સ્વદ્રવ્ય તરફ ઝૂક્યા વગર રહે જ નહિ. મારામાં પરનું તો ગ્રહણ-ત્યાગ છે જ નહિ, મારા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-સુખ વગેરે કોઈ ગુણોનું પરમાંથી ગ્રહણ થતું નથી એટલે મારે પરસન્મુખ જોવાનું રહેતું નથી, અને મારામાં હીન-અધિક પર્યાય વખતે પણ મારું દ્રવ્ય તો પોતાના એકરૂપ સ્વરૂપમાં જ નિશ્ચલપણે સ્થિત છે.-આમ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં પર્યાયની મુખ્યતા રહેતી નથી, એટલે કે દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગરૂપ પરિણમન થઈ જાય છે.

આત્માના પોતાના સ્વરૂપને ભૂલીને અનાદિથી ચાર ગતિમાં રખડયો, પરંતુ ત્યાં તેણે પોતાના દ્રવ્યસ્વભાવને કદી છોડયો નથી અને જડ શરીર વગેરેને ખરેખર કદી ગ્રહ્યાં કે છોડયાં નથી, જડથી તો તે સદા જુદો ને જુદો જ રહ્યો છે. આત્માના દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં પરદ્રવ્યનું ગ્રહણ છે જ નહિ. ધર્મી જીવની દૃષ્ટિમાં પોતાના શુદ્ધ ચિદાનંદ આત્માનું એકનું જ ગ્રહણ છે, અજ્ઞાની જીવ ભ્રાંતિથી વિકારને ગ્રહે છે, પરંતુ પરદ્રવ્યનું ગ્રહણ કે ત્યાગ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈને નથી. 'અરિહંત' એટલે કર્મરૂપી વેરીને હણનાર-એમ ઉપચારથી કહેવાય, પરંતુ ખરેખર અરિહંત ભગવાનના આત્મામાં જડકર્મનું ગ્રહણ કે ત્યાગ નથી. હજી તો જડ-ચેતનની ભિન્નતાને પણ સમજે નહિ અને આત્મા જડને ગ્રહે ને છોડે એમ માને તેને ધર્મ ક્યાંથી થાય? એવો જીવ પોતાની મિથ્યાકલ્પનાથી પોતાને ધર્મી, વ્રતધારી કે મુનિ ભલે માને પરંતુ ધર્મ શું કહેવાય તેની પણ તેને ખબર નથી.

આત્માનું પોતાનું જે અસલી સ્વરૂપ છે તેને આત્મા કદી છોડતો નથી, અને પરદ્રવ્યનો આત્મામાં અભાવ છે તેને આત્મા કદી ગ્રહતો નથી. અજ્ઞાનીઓ માને છે કે બાહ્યત્યાગ તે ધર્મ છે. પરંતુ ભગવાન કહે છે કે અરે ભાઈ! બાહ્ય વસ્તુનો ત્યાગ આત્મા કરતો જ નથી, આત્મામાં બાહ્ય વસ્તુ હોય તો આત્મા તેને છોડે ને? 'ખરેખર મેં બાહ્ય વસ્તુને છોડી' -એવો જેનો અભિપ્રાય છે તેણે બાહ્ય વસ્તુને આત્મામાં પ્રવેશી ગયેલી માની છે, તેની તે માન્યતામાં સ્વ-પરની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ છે.

ભગવાનઆત્મા તો અખંડ વિજ્ઞાનઘન છે, તેનામાં વચ્ચે એવું પોલાણ નથી કે તેમાં પર વસ્તુ પેસી જાય!

ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એમ ચાર પ્રકારનો પુરુષાર્થ કહ્યો છે તે ચારે પ્રકાર જીવની પર્યાયમાં જ છે, કાંઈ પરદ્રવ્યમાં આત્માનો પુરુષાર્થ નથી. અર્થ એટલે લક્ષ્મી વગેરે મેળવવાનો પુરુષાર્થ; જીવની પર્યાયમાં તે પ્રકારનો પાપભાવ થાય છે તેને અર્થપુરુષાર્થ કહ્યો; પરંતુ કાંઈ જડ લક્ષ્મીનું ગ્રહણ આત્મામાં નથી. ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ કહ્યા તેમાં ધર્મપુરુષાર્થ તે પુણ્યભાવ છે, અર્થપુરુષાર્થ એટલે લક્ષ્મી મેળવવાનો ભાવ અને કામપુરુષાર્થ એટલે વિષયવાસનાનો ભાવ-તે બંને પાપભાવો છે; ચોથો મોક્ષપુરુષાર્થ તે આત્મસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ પવિત્રભાવ છે; આમાં પહેલા ત્રણ પ્રકારનો પુરુષાર્થ જીવે અનંતવાર પૂર્વે કર્યો છે, પણ મોક્ષનો પુરુષાર્થ પૂર્વે કદી ક્ષણમાત્ર પણ કર્યો નથી તેથી તે અપૂર્વ છે. પૂર્વે અનંતકાળમાં જીવે પોતાની પર્યાયમાં પુણ્ય-પાપનો પુરુષાર્થ કર્યો પરંતુ પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ તો કોઈ જીવે કદી કર્યું નથી. આવી જ વસ્તુસ્થિતિની મર્યાદા છે.

## ( વીર સં. ૨૪૭૫ કારતક સુદ ૧૩ રવિવાર )

## * છ બેનોના બ્રહ્મચર્યનો દિવસ *

આ આત્માના સ્વભાવની વાત ચાલે છે. ભગવાન આત્મામાં ત્રિકાળ અનંત શક્તિઓ છે. જેટલી સિદ્ધ ભગવાનમાં શક્તિ છે તેટલી શક્તિ દરેક આત્મામાં છે, એકેક આત્મા પોતાની પ્રભુતાનો પિંડ છે. આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વ નામની એક શક્તિ છે એટલે જે કદી ઘટતું-વધતું નથી એવા પોતાના નિશ્ચત સ્વરૂપમાં આત્મા રહેલો છે. પૂર્વે અનાદિકાળ નિગોદદશામાં રહ્યો તેથી કાંઈ દ્રવ્ય ઘટી ગયું નથી અને સિદ્ધદશા પ્રગટે તેથી કાંઈ દ્રવ્ય વધી જતું નથી; તેમજ જ્યારે અલ્પદશા પ્રગટ હોય ત્યારે દ્રવ્યમાં ઘણી શક્તિ બાકી રહી અને પરિપૂર્ણ સિદ્ધદશા પ્રગટી ત્યારે પાછળ દ્રવ્યની શક્તિ ઓછી રહી-એમ પણ નથી. દ્રવ્યસામર્થ્ય સદા એવું ને એવું છે, તે કદી ઘટતું વધતું નથી. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો પ્રગટી જાય તોપણ દ્રવ્યનું સ્વભાવસામર્થ્ય કિંચિત્ પણ ઘટતું નથી. આવા દ્રવ્યને લક્ષમાં લઈને તેમાં પર્યાયને એકાગ્ર કરતાં આનંદનો અનુભવ થાય છે.

આત્મા ચૈતન્યમૂર્તિ છે ને શરીર-મન-વાણી તો જડ મૃતકલેવર છે, તે શરીર-મન-વાણીને આત્માએ કદી ગ્રહ્યાં નથી ને આત્મા તેને છોડતો પણ નથી. અને પર્યાયમાં જે પુણ્ય-પાપના વિકાર થાય છે તે પણ ત્રિકાલી સ્વભાવમાં નથી, એટલે તે વિકારને છોડું ને નિર્મળદશાને ગ્રહું-એવું પણ ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિમાં નથી. પર્યાયમાં તેમ થાય છે ખરું પરંતુ ત્રિકાળી દ્રવ્યની દ્રષ્ટિએ જુઓ તો આત્મા ઘટતો કે વધતો નથી. આવા આત્માને દ્રષ્ટિમાં લેવો તે ધર્મ છે. દ્રષ્ટિ પોતે પર્યાય છે પણ તે દ્રવ્યમાં અંતર્મુખ થઈને અભેદ થાય છે.

પરને ગ્રહવા-છોડવાની વાત આત્માના દ્રવ્ય-ગુણમાં તો નથી ને એક સમયપૂરતી અવસ્થામાં પણ પરનું ગ્રહણ કે ત્યાગ નથી. એક સમયપૂરતી અવસ્થામાં પુણ્ય-પાપ છે પરંતુ ત્રિકાળી સ્વભાવમાં તો તેનું પણ ગ્રહણ-ત્યાગ નથી. -આવા એકરૂપ સ્વભાવની દ્રષ્ટિ તે દ્રવ્યદ્રષ્ટિ છે ને દ્રવ્યદ્રષ્ટિ તે સમ્યક્દ્રષ્ટિ છે.

કેવળજ્ઞાન પર્યાય પ્રગટે તે ત્રિકાળી જ્ઞાનગુણમાંથી પ્રગટે છે, તોપણ કાંઈ ગુણ ઘટીને તે પર્યાય થતી નથી, ગુણનું સામર્થ્ય તો એવું ને એવું પરિપૂર્ણ રહીને પર્યાય થાય છે. જેમ કોથળીમાં સો રૂપિયા હોય ને તેમાંથી એક રૂપિયો કાઢતાં સોમાંથી એક ઓછો થાય, તેવું અહીં ગુણમાં નથી, પર્યાય પ્રગટતાં કાંઈ ગુણનું સામર્થ્ય ઘટી જતું નથી. -આવો જ અચિંત્ય સ્વભાવ છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશા આવી ક્યાંથી? ....કે.....દ્રવ્યમાંથી; દ્રવ્યમાં કાંઈ ઓછું થયું? ....કે....ના. જુઓ, આ વસ્તુસ્વભાવ! સંસારદશા હો, સાધકદશા હો કે સિદ્ધદશા હો પણ દ્રવ્ય-ગુણમાં કાંઈ વધ-ઘટ નથી. ઓછી-વધતી દશા થાય છે તે પર્યાયદ્રષ્ટિનો વિષય છે, અહીં દ્રવ્યસ્વભાવની પ્રધાનતા છે કેમકે દ્રવ્યની દ્રષ્ટિપૂર્વક જ પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

બહારનું ગ્રહણ-ત્યાગ તો આત્મામાં નથી; અંતરમાં નિર્મળદશાનું ગ્રહણ ને વિકારનો ત્યાગ તે પર્યાય અપેક્ષાએ છે, પરંતુ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તો તે પણ નથી. આત્મા પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ કરે કે વીતરાગતા કરે તોપણ તેનામાં એવી તાકાત નથી કે પરને ગ્રહે અગર છોડે. રાગ કરીને બીજાને મદદ કરી શકે કે દ્વેષ કરીને બીજાને કાંઈ નુકસાન પહોંચાડી શકે-એવી તાકાત આત્મામાં નથી. આત્મા પોતામાં નિર્મળ પર્યાય પ્રગટ કરે પરંતુ તેથી જડ કર્મને તે દૂર કરે-એવી તેની તાકાત નથી. આત્મા પોતામાં સાચાં શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે પણ તેથી કાંઈ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને નજીક કરે કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને દૂર કરે

એવી તાકાત તેનામાં આવી જતી નથી. આત્માના દ્રવ્ય-ગુણ કે પર્યાયમાં પરને લેવા-મૂકવાની તાકાત નથી. પરની વાત તો દૂર રહો, પોતાની પર્યાયમાં વિકારનો ત્યાગ અને અવિકારભાવનું ગ્રહણ તે પણ એક સમયપૂરતી પર્યાયનો-અંશનો જ સ્વભાવ છે, અંશી એવા ત્રિકાળી દ્રવ્યના સ્વભાવમાં કાંઈ નવું ગ્રહણ-ત્યાગ નથી-આવો આત્માનો ત્યાગોપાદાનશૂન્ય સ્વભાવ છે. આત્માનો આવો સ્વભાવ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ જીવે જાણ્યો નથી, જો જાણે તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહિ. જેણે આ સંસારપરિભ્રમણથી થાક લાગ્યો હોય અને મુક્તિ જોઈતી હોય તેણે મુક્તિ ક્યાં શોધવી? આત્માની મુક્તિ પરમાં શોધે તો તો ન મળે, પુણ્ય-પાપમાં પણ ન મળે, વર્તમાન અધૂરી પર્યાયમાં પણ ન મળે, વિકારને છોડું ને નિર્મળતાને પ્રગટ કરું-એવા લક્ષથી પણ મુક્તિ ન મળે, જેમાં વિકારનું પણ ગ્રહણ-ત્યાગ નથી એવા ધ્રુવ-એકરૂપ દ્રવ્ય-સ્વભાવમાં શોધે તો તેમાંથી મુક્તિ મળે તેમ છે. ધ્રુવસ્વભાવની સન્મુખ થઈને તેનું અવલંબન લેતાં પર્યાયમાં મુક્તિ થઈ જાય છે.

પરને લેવા-મૂકવાનું તો ત્રિકાળી દ્રવ્યમાં નથી ને અવસ્થામાંય નથી; હવે જોવાનું રહ્યું પોતામાં. પોતાની પર્યાયમાં પણ વિકારને ટાળું-એમ પર્યાય સામે લક્ષ કરતાં વિકાર ટળતો નથી પણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે; આમ છતાં પર્યાયના લક્ષે વિકાર છૂટવાનું જે માને છે તેના અભિપ્રાયમાં મિથ્યાત્વ છે. પર્યાયના લક્ષે વિકાર છૂટતો નથી પણ દ્રવ્યના લક્ષે એકાગ્ર થતાં વિકાર ટળીને નિર્વિકારદશા પ્રગટી જાય છે, માટે અહીં એક સમયની અવસ્થા ગૌણ કરીને, -તેના ઉપર વજન ન આપતાં ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા કરીને તેના જ અવલંબનનો ઉપદેશ છે, આ જ મોક્ષમાર્ગની રીત છે. આ સિવાય અવસ્થાની મુખ્યતા કરીને તેના ઉપર જ દ્રષ્ટિ રાખતાં ધર્મ થતો નથી. દ્રવ્યસ્વભાવસન્મુખ દ્રષ્ટિ વગર સમ્યગ્દર્શન થાય નહિ ને મિથ્યાત્વ ટળે નહિ. સવારે પ્રવચનસારની ૮૦મી ગાથામાં એમ કહ્યું કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જાણે છે તે જીવ પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ ક્ષય પામે છે, -તેમાં પણ દ્રવ્યદ્રષ્ટિની આ જ વાત છે. ત્યાં અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય ઓળખાવીને પણ આત્માનો ત્રિકાળી સ્વભાવ બતાવ્યો છે અને અહીં આત્માની શક્તિઓનું વર્ણન કરીને પણ ત્રિકાળીસ્વભાવ બતાવ્યો છે. વિકાર છોડે ને નિર્વિકારપણે પરિણમે એવા બે ભેદ ત્રિકાળીસ્વભાવમાં નથી, પર્યાયમાં તે ભેદ છે પણ સાધકની દ્રષ્ટિમાં તે ગૌણ છે, કેમકે પર્યાયના વિકારનો ત્યાગ પર્યાયના લક્ષે નથી થતો પણ દ્રવ્યના લક્ષે જ વિકારનો ત્યાગ થાય છે; તેથી મોક્ષમાર્ગમાં નિશ્ચયની જ સદા મુખ્યતા છે. માત્ર અત્યારે જ નિશ્ચયની મુખ્યતા છે ને ક્યારેક પર્યાયની મુખ્યતા પણ સાધકની દ્રષ્ટિમાં થઈ જાય-એવું નથી, ત્રણેકાળના સાધક જીવોની દ્રષ્ટિમાં દ્રવ્યની જ મુખ્યતા છે; સાધકની દ્રષ્ટિમાંથી દ્રવ્યની મુખ્યતા એક સમય પણ છૂટતી નથી. વિકારનો ત્યાગ ને નિર્વિકારનું ગ્રહણ પર્યાયમાં થાય છે ખરું, પણ તે ક્યારે થાય? -કે જ્યારે ત્રિકાળી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરે ત્યારે તેમ થાય છે; માટે, આત્માના સ્વભાવમાં વિકારનું પણ ગ્રહણ-ત્યાગ નથી એટલે તેમાં કાંઈ વધતું-ઘટતું નથી—એમ કહીને અહીં ત્રિકાળી એકરૂપ દ્રવ્યની દ્રષ્ટિ કરાવી છે.

અજ્ઞાની જીવોને એમ લાગે છે કે અમે આ બધું લઈ-મૂકીએ છીએ. પણ અરે ભાઈ! તું તો આત્મા છો, પરદ્રવ્યો તારાથી ભિન્ન છે, તારો સ્વભાવ તે પરદ્રવ્યોના ગ્રહણ-ત્યાગ વગરનો છે, પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવી શક્તિ આત્મામાં છે જ નહિ. શું આત્મા છે માટે જગતના પદાર્થો છે? -એમ નથી. તેમજ આત્માની પર્યાય છે માટે જડની પર્યાય છે-એમ પણ નથી. જગતના દરેક તત્ત્વો પોતપોતાથી સ્વતંત્ર છે. પરના ત્યાગ-ગ્રહણથી રહિત તેમ જ પર્યાયના હીનાધિકતાના ભેદોને ગૌણ કરીને આત્માના એકરૂપ નિશ્ચલ-સ્વરૂપને દેખવું તે આ શક્તિઓના વર્ણનનો સાર છે.

-એ પ્રમાણે ત્યાગોપાદાનશૂન્યત્વ નામની સોળમી શક્તિનું વર્ણન પૂરું થયું.

* * * * *

## વ્યવહારમાં વિમૂઢ દષ્ટિવાળો જીવ-

# ફોતરાં ખાંડે છે

**( શ્રી સમયસાર કલશ ૨૪૨ તથા તેના ઉપરનું પ્રવચન )**

व्यवहारविमूढद्दष्टय: परमार्थ कलयंति नो जना:।

तुषबोधविमुग्धबुद्धय: कलयंतीह तुषं न तण्डुलम्।।२४२।।

વ્યવહારમાં જ જેમની દષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,-જેમ જગતમાં તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે એવા પુરુષો તુષને જ જાણે છે, તંદુલને જાણતા નથી.

જેઓ ફોતરામાં મુગ્ધ થઈ રહ્યા છે, ફોતરાંને જ કૂટયા કરે છે, તેમણે તંદુલને જાણ્યા જ નથી; તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે તેમણે શુદ્ધાત્મઅનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી.

વ્યવહાર તો ફોતરાં જેવો છે, મૂળ પરમાર્થ વસ્તુ નિશ્ચય છે; જેઓ પરમાર્થ વસ્તુને જાણતા નથી, અને દયા-વ્રત વગેરે શુભ વ્યવહારમાં જ જેનો આત્મા અર્પાઈ ગયો છે તે પુરુષો અનાજને છોડીને ફોતરાં ખાંડે છે. જ્ઞાની તો અંતરમાં આત્માના પરમાર્થ સ્વરૂપને જાણે છે, વ્રતાદિનો રાગ આવે તેને તે મોક્ષમાર્ગ માનતા નથી; અને અજ્ઞાની તો ભૂતાર્થ સ્વભાવના ભાન વગર વ્રતાદિના રાગને જ મોક્ષમાર્ગ માનીને તેમાં મોહિત થાય છે.

જેમ એક બાંઈ ડાંગર ખાંડતી હતી, તેમાં ચોખા નીચે ઊતરતા હતા અને ફોતરાં ઉપર દેખાતાં હતાં; ત્યાં બીજી કોઈ મૂર્ખ બાઈએ તે જોયું અને 'આ બાઈ ફોતરાં ખાંડતી લાગે છે' -એમ વિચારીને તે પણ ફોતરાં ખાંડવા લાગી. પણ કાંઈ ફોતરાંમાંથી કણ નીકળે? તેમ જ્ઞાનીઓએ તો અંતરમાં પરમાર્થ સ્વરૂપના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ચોખ્ખો મોક્ષમાર્ગ પ્રગટ કર્યો છે, તે તો અંતરમાં છે, ને મહાવ્રતાદિના શુભપરિણામ તથા દિગંબર શરીર તે બહારનાં ફોતરાં જેવાં છે. ત્યાં ભૂતાર્થ સ્વભાવના આશ્રયે પ્રગટેલા યથાર્થ મોક્ષમાર્ગને તો અજ્ઞાની ઓળખતો નથી, ને એકલી બાહ્યદ્રષ્ટિથી વ્રતાદિના રાગને તથા દ્રવ્યલિંગને જ દેખે છે એટલે તેને જ મોક્ષમાર્ગ માનીને તેમાં જ મોહિત થઈને રોકાઈ જાય છે.

વળી વ્યવહારવિમૂઢનું બીજું દ્રષ્ટાંત આ પ્રમાણે છે :– એકવાર શિયાળામાં જંગલના માણસોએ ઘાસ ભેગું કર્યું, તેમાં અગ્નિનો તણખો મૂકીને સળગાવ્યું અને તાપવા બેઠા. જંગલના વાંદરાઓને ટાઢ વાતી હતી તેઓએ તે જોયું, અને વિચાર્યું કે આપણે પણ તાપ કરીએ. તેઓએ ઘાસનો તો મોટો ઢગલો ભેગો કર્યો પણ હવે ભડકો ક્યાંથી કરવો? માણસોએ શેમાંથી ભડકો કર્યો તેનું તો તે વાંદરાઓને ભાન ન હતું, એટલે તેમણે તો ઊડતા આગિયાને ચમકતો દેખીને, તે આગિયાને મૂઠીમાં પકડીને ઘાસમાં મૂક્યો. –પણ આગિયા જીવડાથી કાંઈ ઘાસ સળગે!! જુઓ, અગ્નિ છોડીને વાંદરાઓએ એકલી બહારની નકલ કરી, પણ તેથી તેમનું કાંઈ વળ્યું નહિ. તેમ જ્ઞાનીઓ તો અંતરમાં ચૈતન્યસ્વભાવના આશ્રયે ભેદજ્ઞાનરૂપી જ્યોત પ્રગટ કરીને મોક્ષમાર્ગને સાધે છે, ત્યાં બહારમાં તેમને પુણ્ય–પરિણામ અને દ્રવ્યલિંગ પણ હોય છે; અજ્ઞાની અંતરના સ્વભાવને તો જાણતો નથી, ને વાંદરાની માફક, જ્ઞાનીઓના રાગાદિને જ મોક્ષનું કારણ માનીને તેની નકલ કરે છે, પણ તેથી તેમની કાંઈ સિદ્ધિ થતી નથી; જે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ્ઞાનીઓ મોક્ષમાર્ગને સાધે છે તેને તો તેઓ જાણતા નથી એટલે મોક્ષના ખરા કારણને છોડીને તે અજ્ઞાનીઓ માત્ર ફોતરાંને જ ખાંડે છે. મૂળ વસ્તુને જાણ્યા વિના એકલા વ્યવહારને–રાગને મોક્ષમાર્ગ માનવો તે, અનાજ વગરનાં એકલાં ફોતરાં ખાંડવા જેવું વ્યર્થ છે.

જેઓ અનાજને તો જાણતા નથી અને એકલા ફોતરામાં જ મુગ્ધ થઈને ફોતરાંને જ કૂટયા કરે છે તેમને અનાજની પ્રાપ્તિ થતી નથી; તેમ શુદ્ધઆત્માના અનુભવનરૂપ પરમાર્થ–મોક્ષમાર્ગને તો જેઓ જાણતા નથી અને દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં જ મુગ્ધ થઈ રહ્યા છે તેમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી.

એવા વ્યવહારવિમૂઢજીવોને દોહા–પાહુડમાં કહે છે કે–

पंडियपंडिय पंडिया कणु छंडिवि तुस कंडिया।
अत्थे गंथे तुट्ठो सि परमत्थु ण जाणहि मूढो सि।।८६।।

હે પાંડે! હે પાંડે! હે પાંડે! તેં કણને છોડીને માત્ર તુસને ખાંડયા છે; તું શબ્દ અને અર્થમાં જ સંતુષ્ટ છે પણ પરમાર્થને જાણતો નથી માટે મૂર્ખ છે.

(–શ્રી સમયસાર ગા. ૪૧૩ ઉપરનું નિશ્ચય–વ્યવહાર
સંબંધી મહત્ત્વનું પ્રવચન હવે પછી આપવામાં આવશે.)

*****

## શાંતિ ક્યાં શોધવી?

કેટલાક જીવો એમ પૂછે છે કે અમને શાંતિ કેમ નથી આવતી? પણ ભાઈ! શાંતિ તો તારા આત્મામાંથી આવે કે બહારથી આવે? જે તત્ત્વમાં શાંતિ ભરી છે તેના ભાન વગર બહારના પદાર્થોમાંથી તું શાંતિ લેવા માગે તો ક્યાંથી શાંતિ થાય? જંગલમાં જવાથી શાંતિ થશે એમ માને, પણ શું તારી શાંતિ જંગલમાં પડી છે? તારી શાંતિ ક્યાંય બહારમાં નથી, શાંતિનું ધામ તો તારા આત્મામાં જ છે, તેની સામે જોયે શાંતિ થાય તેમ છે. જે જીવ આત્માની સન્મુખ થઈને એકાગ્ર થયો તેને બહારનો કોઈપણ કોલાહલ નડતો નથી; અને જેને આત્માનું લક્ષ નથી તે ભલે જંગલમાં જઈને બેસે, તોપણ તેને સાચી શાંતિ થાય તેમ નથી. જીવને અશાંતિ પણ કોઈ બહારના કારણે નથી, પોતે પોતાના મોહભાવથી જ અશાંતિ ઊભી કરી છે, અને આત્માની સમજણ વડે શાંતિ પણ પોતે પોતામાંથી જ પ્રગટ કરે છે. બહારના પદાર્થોનો તો આત્મામાં ત્રણે કાળે અભાવ જ છે એટલે તે કોઈ પદાર્થ આત્માને શાંતિ કે અશાંતિનું કારણ નથી. આવી સમજણ કરે તોપણ તીવ્ર આકુળતા મટીને કેટલી શાંતિ થઈ જાય!

–રાત્રિચર્ચા ઉપરથી

( પાના નં. ૧૧૧ થી ચાલુ )

મારા જ્ઞાનનું જ્ઞેય છે. એ જ પ્રમાણે જડ કર્મ પણ જ્ઞાનનું જ્ઞેય છે, રાગ કરાવીને આત્માને રખડાવે–એવી તેનામાં તાકાત નથી. કર્મમાં એવો કોઈ ગુણ નથી કે આત્માને રખડાવે. તો કર્મ આત્માને રખડાવે એ વાત ક્યાંથી લાવ્યો? કર્મ પણ જ્ઞેય છે, ને તારામાં તેને પણ જાણવાની તાકાત છે. જુઓ, આ જ્ઞાનસામર્થ્યનો મહિમા! અમુક નિમિત્તથી લાભ થાય ને અમુક નિમિત્તથી નુકસાન થાય–એ વાત રહેતી નથી; જ્ઞાનમાં તો બધુંય જ્ઞેય છે, તેમાં વીતરાગભાવ છે. આ ઇષ્ટ અને આ અનિષ્ટ–એવું જ્ઞાનમાં નથી ને જ્ઞેયમાં પણ નથી. આમાં જ્ઞાનની પુષ્ટિ થાય છે ને નિમિત્તાધીનદ્રષ્ટિના ભુક્કા ઊડી જાય છે.

વિકારને કરે એવો પણ આત્માનો ત્રિકાળીસ્વભાવ નથી, તો જડને કે પરને કરે–એ વાત તો રહી જ ક્યાં? જેમ ઈશ્વર જગતનો કર્તા છે એમ માનનારા અન્યમતિ મિથ્યાદ્રષ્ટિ છે તેમ જૈનમતમાં રહેલા પણ જો એમ માને કે આત્મા પરનો કર્તા છે–તો તે પણ મિથ્યાદ્રષ્ટિ જ છે. જીવ કર્મને કરતો નથી અને કર્મ જીવને રખડાવતું નથી; જીવ શરીરને હલાવતો નથી તેમજ તે શરીરમાં રહેતો નથી, જીવ તો પોતાના અનંતગુણધામ અસંખ્યપ્રદેશમાં રહે છે. ખરેખર જીવ કે શરીર કોઈ મરતાં નથી, કેમકે જીવનો કે શરીરના રજકણોનો કાંઈ સર્વથા નાશ તો થતો નથી, માત્ર તેમની અવસ્થા પોતપોતાના કારણે બદલાય છે. માટે હું પર જીવને મારું કે બચાવું–એવી માન્યતા તે અજ્ઞાન છે. આત્મામાં એવી શક્તિ છે કે સ્વ–પર બધાને જાણે તેમજ સ્વ–પરના જ્ઞાનમાં જણાય. આત્માના આવા સ્વભાવને સમજ્યા વગર રાગ ઘટાડીને પુણ્ય બાંધે તોય ચોરાશીના અવતારમાં રખડે પણ જન્મ મરણનો અંત આવે નહિ.

આત્માની ત્રિકાળી શક્તિઓનું આ વર્ણન ચાલે છે. આત્માની કોઈપણ શક્તિ પરના કે રાગના આશ્રયે નથી, ક્ષણિક પર્યાયના કે એકેક શક્તિના આશ્રયે પણ તે નથી, અનંત શક્તિના પિંડરૂપ આત્મદ્રવ્યના આશ્રયે જ બધી શક્તિઓ રહેલી છે; માટે તે દ્રવ્યની સામે જોઈને જ આ બધી શક્તિઓની યથાર્થ કબૂલાત થઈ શકે છે.

આત્મામાં બીજાને સમજાવી દ્યે એવી તાકાત નથી પણ બીજાના જ્ઞાનમાં પોતે જણાય અને બીજાને પોતે જાણે એવું તેનું સામર્થ્ય છે. જ્ઞાનસ્વભાવના મહિમાનો વિશ્વાસ કરતાં પોતામાં સ્વ–પરપ્રકાશક સામર્થ્ય પ્રગટી જાય છે, અને બીજા જે જીવોમાં તે પ્રકારનું જ્ઞાનસામર્થ્ય પ્રગટ હોય તેમના જ્ઞાનમાં જ્ઞેય થવાનો પણ આત્માનો સ્વભાવ છે. જો કોઈ એમ માને કે કેવળી ભગવાન આ આત્માની ત્રણકાળની પર્યાયોને વર્તમાનમાં ન જાણે પણ જ્યારે પર્યાય થાય ત્યારે જાણે, –તો તેણે આત્માના પ્રમેય થવાના સ્વભાવને જ નથી માન્યો અને કેવળીને પણ નથી માન્યા; તે જીવ સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે. અને પોતાના સ્વભાવથી જ સ્વ–પરને જાણે એવું આત્માનું સામર્થ્ય છે તેને બદલે વાણી–શાસ્ત્ર વગેરે પરને લીધે આત્માને જ્ઞાન થાય એમ જે માને છે તેને પણ આત્માના જ્ઞાનસ્વભાવની ખબર નથી. પર પદાર્થોમાં આત્માના જ્ઞાનનું જ્ઞેય થવાનો સ્વભાવ છે પણ તેઓ જ્ઞાનનું કારણ થાય એવો તો તેમનો પણ સ્વભાવ નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય જ્ઞાનમાં જણાય એવો સ્વભાવ છે; જો જ્ઞાનમાં તે ત્રણેય ન જણાય તો તેઓ જ્ઞેય રહેતાં નથી ને તેમનું સત્‌પણું જ સાબિત થતું નથી; અને જો જ્ઞાનમાં તે ત્રણેને જાણવાનું સામર્થ્ય ન હોય તો તે જ્ઞાન જ રહેતું નથી. જ્ઞાનનો સ્વભાવ બધાને જાણવાનો છે ને જ્ઞેયનો સ્વભાવ જ્ઞાનમાં પ્રમેય થવાનો છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને ન જાણે ને વસ્તુ એકલી નિત્ય જ માને અથવા સર્વથા ક્ષણિક જ માને તો તે પ્રમાણજ્ઞાન જ નથી પણ મિથ્યાજ્ઞાન છે, તે જ્ઞાન પ્રમાણે પ્રમેય વસ્તુ જગતમાં નથી અને જેવી વસ્તુ છે તેવું તેને જ્ઞાન નથી. આત્માના પરિણમ્ય–પરિણામક સ્વભાવને બરાબર સમજે તો મિથ્યાજ્ઞાન રહે નહિ; આ એક શક્તિમાં સ્વ–પરપ્રકાશક જ્ઞાન અને પ્રમેયત્વ બંનેથી સિદ્ધિ થઈ જાય છે.

–અહીં પંદરમી પરિણમ્યપરિણામકત્વ શક્તિનું વર્ણન પૂરું થયું.

પ્રકાશક :- શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, મોટા આંકડિયા ( જિલ્લા અમરેલી )
મુદ્રક :- રવાણી એન્ડ કંપની વતી જમનાદાસ માણેકચંદ રવાણી, અનેકાન્ત મુદ્રણાલયઃ મોટા આંકડિયા, તા. ૧૬–૩–૫૩

# માનસ્તંભ–સ્તુતિ

( ફાગણ વદ દસમના મંગલ દિને વ્યાખ્યાન
પછી હિંમતલાલભાઈએ ગાયેલું )

( રાગ–કોઈનો લાડકવાયો )

( ૧ ) સ્વર્ણપુરે સ્વાધ્યાયસુમંદિર, જિનગૃહ ગુરુજી લાયા,
સમવસરણ, પ્રવચનમંડપ, જિનધર્મવિભવ લહરાયા;
–ધર્મધ્વજ આયા આયા રે,
ભવિક ઉર હરખ હરખ છાયા.


( ૨ ) ઘોરભવાટવી માર્ગ ભૂલ્યું જગ, સૂઝે ક્યાંય ન આરો,
જિનદરબાર–સુમાર્ગ બતાવી, તું જગ–રક્ષણહારો;
–ધર્મધ્વજ તું આધારો રે,
ભવિકનો તું ધ્રુવ તારો રે....સ્વર્ણ

( ૩ ) પીઠ પ્રથમ શ્રીકુંદ–સીમંધર મિલન મનોહર સોહે,
નેમપ્રભુ, વસુ મંગળ, પાવન પરમેષ્ઠી મન મોહે;
–દૃશ્ય શા મધુમધુરા લાગે,
ઉરે શા ભાવ અહો ! જાગે.

( ૪ ) પીઠ બીજી ગુરુ કહાનબિરાજે, જ્યોત વિદેહી ભરતમાં,
શ્રુત સોંપે ધરસેન, કુંદમુનિ જ્યોત ભરે ભાજનમાં
–જ્યોતિધર જય જય હો જગમાં,
અમોને અજવાળો ઉરમાં.... સ્વર્ણ

( ૫ ) પીઠ ત્રીજી ગૌતમ–ધ્વજદર્શન, કેવળ મલ્લિકુંવરને,
દેવ કરે અભિષેક ઇક્ષુરસદાન ઋષભમુનિવરને;
–ધન્ય જિન–ગણધર–મુનિવરને,
મુક્તિ પુરપંથ–પ્રવાસીને.

( ૬ ) પીઠત્રયી પર મંદિર મનહર, સ્વસ્તિક મંગળકારી,
ઘંટ–માળ–અભિરામ દંડ પર ઊંચે દેરી અનેરી;
–ધર્મધ્વજ ગગનવિહારી રે,
ભવિક–મન પાવનકારી રે.... સ્વર્ણ



( ૭ ) નીચે ઉપર નાથ ચતુર્દિશ, પદ્માસન, અતિ પ્યારા,
પાદ પડે ત્યાં તીરથ ઉત્તમ દૃષ્ટિ પડયે ભવપારા;
–નાથ મુજ આયા આયા રે,
સુવર્ણે અમૃત ઊભરાયા.

( ૮ ) ચેતનબિંબ જિનેશ્વરસ્વામી, ધ્યાનમયી અવિકારા,
દર્પણ સમ ચેતન–પર્યયગુણદ્રવ્ય દિખાવનહારા;
–નાથ ચિદરૂપ દેખાવે રે,
પરમ ધ્રુવ ધ્યેય શિખાવે રે.... સ્વર્ણ

( ૯ ) વિશ્વદિવાકર નાથ સીમંધર, કુંદનયનના તારા,
જગનિરપેક્ષપણે જગજ્ઞાયક, વંદન કોટિ અમારા;
–તાત જગતારણહારા રે,
જગત આ તુજથી ઉજિયારા.

( ૧૦ ) હે જિનવર ! તુજ ચરણકમળના ભ્રમર શ્રી કહાન પ્રભાવે
જિન પામ્યો, નિજ પામું અહો ! મુંજ કાજ પૂરાં સહુ થાવે;
–આશ મુજ કરજો રે પૂરી,
ઉભય અણહેતુક ઉપકારી.... સ્વર્ણ

卐